**આજનો સુવિચાર**

ક્રોધ એક પ્રકારનું તોફાન છે, ક્રોધ આવે છે ત્યારે વિવેકને નષ્ટ કરી નાખે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૪ જૂનાગઢ તા. ૩૧-૧૨-૨૦૨૨ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## બાય.. બાય.. ૨૦૨૨ : વેલકમ ૨૦૨૩ : શાનદાર ઉજવણી સાથે નવા વર્ષનું સ્વાગત કરવા વિશ્વ તૈયાર

નવી દિલ્હી,તા. ૩૧

૨૦૨૨ના વર્ષને વિદાય આપવા અને ૨૦૨૩ના વર્ષને વેલકમ કરવાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. સમગ્ર વિશ્વ આજે રાત્રે જશ્નમાં ડૂબશે. કોરોનાની મહામારી વચ્ચે છેલ્લા ૩ વર્ષથી થર્ટી ફર્સ્ટની જાહેરમાં અને રંગારંગ ઉજવણીને નિયંત્રણોનું ગ્રહણ નડી ગયું હતું. તેની સામે આ વખતે થર્ટી ફર્સ્ટ સેલિબ્રેશનને લઈને કોઈ કડક નિયંત્રણો નહિ હોવાથી યુવા વર્ગ ઉજવણીને લઈને ભારે થનગનાટ અનુભવી રહ્યો છે. તેમાં પણ આજે શનિવાર એટલે કે વીકએન્ડ હોવાના કારણે પાર્ટી રસિયાઓનો ઉત્સાહ બેવડાઈ ગયો છે.

આજે સાંજથી જ પાર્ટીના આયોજન સાથે લોકો થટી ફર્સ્ટની ઉજવણીમાં મગ્ન થઈ જશે. આજે શનિવાર આવતીકાલે રવિવાર હોવાથી લોકો ફરવાના સ્થળોએ પહોંચી ગયા છે. દિલ્હી-ગોવા-મુંબઈ-કોલકતા-મુસરી-આબુ-ઉદયપુર સહિત શહેરોમાં ભવ્યાતી ભવ્ય ઉજવણી થવાની છે.

આજે લોકો ખાટી-મીઠી યાદો સાથે બાય બાય ૨૦૨૨ અને વેલકમ ૨૦૨૩ માટે થનગની રહ્યાં છે. હોટલો-રેસ્ટોરન્ટ-ફાર્મ હાઉસો વગેરેમાં રાતભર પાર્ટીના આયોજનો થયા છે. રાત્રે ૧૨ વાગતા જ આતશબાજીની ધુમ મચશે. આકાશ રંગબેરંગી લાઈટોથી ઝળહળી ઉઠશે. નાના-મોટા સૌ કોઈ નવા વર્ષને નવી આશાઓ સાથે આવકારવા થનગની રહ્યાં છે. ૧૨ વાગતા જ સમગ્ર વિશ્વ જશ્નમાં ડુબી જશે. કડકડતી ઠંડી વચ્ચે ગીત-સંગીતની ધુન પર લોકો ઝુમી ઉઠશે. એટલુ જ નહિ ફટાકડાની પણ ધુમ મચશે.

નવા વર્ષને અલગથી વધાવવા યુવા વર્ગે અનેરી તૈયારી કરી છે. દરેકે કંઈક ખાસ કરવાનું આયોજન કર્યું છે. આજે રાત્રે ચર્ચોમાં ખાસ પ્રાર્થના સભા પણ થશે. શહેરોની હોટલોમાં ન્યુયર પાર્ટી યોજાય છે. અલગ અલગ થીમ ઉપર ડાન્સ-ડીજે-ડીનરના જલ્સા થશે.

## નવસારી નજીક સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ફોર્ચ્યુનર - લકઝરી બસ વચ્ચે ટક્કર થતાં ૯ વ્યકિતનાં કરૂણ મોત

અમદાવાદ તા. ૩૧

ગુજરાત અને દેશમાં નવા વર્ષની ઉજવણીના પ્રારંભ પુર્વે જ દેશમાં સર્જાઈ રહેલી અકસ્માતોની પરંપરામાં આજે નવસારી નજીક સર્જાયેલા અકસ્માતમાં ફોર્ચ્યુનર કાર અને લકઝરી બસ વચ્ચે ભીષણ ટકકર થતા કારમાં પ્રવાસ કરી રહેલા ૯ લોકોના કરૂણ મૃત્યુ થયા છે અને એક વ્યક્તિને ગંભીર ઈજા થઈ છે. આ અકસ્માતમાં ફોર્ચ્યુનર કારના ડ્રાઈવરને ઝોકુ આવી જતા તેણે સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવી દીધો હતો અને કાર ડિવાઈડર વટાવીને સામેના માર્ગ ઉપર જઈ પડી હતી. આ સમયે અહીથી પસાર થતી એક બસ સાથે કાર ધડાકાભેર અથડાઈ હતી અને તેમાં પ્રવાસ કરતા નવ મુસાફરોના મૃત્યુ નિપજયા હતા.

આ અકસ્માત સમયે જ ભયાનક અકસ્માતનાં દ્રશ્યો જોઈને બસના ડ્રાઈવરને હૃદયરોગનો હુમલો આવતા તેને તુર્તજ સારવાર માટે ખસેડાયો હતો.

વહેલી સવારે સર્જાયેલા આ અકસ્માતથી હાઈવે કારમાં પ્રવાસ કરતા લોકોની મરણચીસથી ગાજી ઉઠયો હતો.

૭ લોકોના ઘટના સ્થળે મૃત્યુ થયા હતા બે લોકોએ હોસ્પીટલમાં સારવાર સમયે છેલ્લા શ્વાસ લીધા હતા. બસમાં સવાર ૩૦ લોકોને પણ નાની-મોટી ઈજા થતા તેઓને વલસાડ-સુરતની હોસ્પીટલમાં સારવાર માટે ખસેડાયા છે જયાં તમામ ભયમુક્ત છે. આ કારમાં પ્રવાસ કરનાર તમામ યુવા વયના હોવાનું જાહેર થયું છે. જેમાં અંકલેશ્વરની પ્રોલાઈફ કેમોફાર્મસી કંપનીના કર્મચારી હતા જયારે લકઝરી બસના પ્રવાસીએ અમદાવાદ ચાલી રહેલા પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. તેઓ તમામ વલસાડના છે. નવસારી પાસે નેશનલ હાઈવે નં.૪૮ ઉપર આ દુર્ઘટના બની હતી. દુર્ઘટનાના દ્રશ્યોથી બસનો ડ્રાઈવર હેબતાઈ ગયો અને તેને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. ફોચ્યુનર કારનો બુકડો બોલી ગયો હતો અને તેમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં ભારે મુશ્કેલી પડી હતી.

## ચીનમાં જાન્યુઆરી માસમાં કોરોના તાંડવ નૃત્ય કરશે : ૪ મહિનામાં ૧૭ લાખ લોકોનાં મોત થશે

બૈજિંગ,તા. ૩૧: કોરોના વાયરસના ચોથી લહેરનો સામનો કરી રહેલા ચીનમાં આગામી દિવસો વધુ ખરાબ હોઈ શકે છે. એવી આશંકા છે કે, જાન્યુઆરીમાં વાયરસથી એક દિવસમાં ૨૫,૦૦૦ થી વધુ લોકો મૃત્યુ પામી શકે છે, ત્યારબાદ મહામારીના નિયંત્રણો વિના નવા વર્ષના તહેવારની શરૂઆત અટકાવવાની સંભાવના છે. એરફિનિટીએ ભવિષ્યના આરોગ્ય વિશ્લેષણ ઉપર ધ્યાન કેન્દ્રીત કરતી લંડન સ્થિત સંશોધન કંપનીએ જણાવ્યું છે કે, બ્લૂમબર્ગના જણાવ્યા મુજબ, ૧.૪ અબજનની વસ્તી ધરાવતા દેશમાં વાર્ષિક રજાના બીજા દિવસે, ૨૩ જાન્યુઆરીની આસપાસ વાયરસના મૃત્યુ ટોચ ઉપર આવી શકે છે.

એરફિનિટીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'પ્રાદેશિક ડેટાના વલણોનો ઉપયોગ કરીને, મહામારીના નિષ્ણાતોની અમારી ટીમે એવા વિસ્તારોમાં કોરોનાની ટોચનો અંદાજ કાઢ્યો હતો જયાં હાલમાં કેસ વધી રહ્યા છે અને પછીથી ચીનના અન્ય પ્રાંતોમાં કોરોનાના કેસમાં વધારો થશે. એરફિનિટીએ જણાવ્યું હતું કે, ચીનમાં હાલમાં અંદાજિત ૯,૦૦૦ દૈનિક મૃત્યુ અને ૧૮ લાખ લોકો મૃત્યુ પામે છે. કોવિડ ચેપ, જયારે એપ્રિલ ૨૦૨૩ ના અંત સુધીમાં સમગ્ર દેશમાં ૧૭ લાખ મૃત્યુની સંભાવના જોવા મળી રહી છે.

ડીસેમ્બર મહિનાની શરૂઆતમાં, એરફિનિટીએ દરરોજ ૫,૦૦૦ થી વધુ કોરોના મૃત્યુનો અંદાજ લગાવ્યો હતો, જે ત્યાં કોવિડના આંકડા કરતા ઘણો વધારે છે. ચીનમાં સંક્રમણના દરેક કિસ્સામાં વાયરસના પરિવર્તનની સંભાવના છે અને તે ચીનમાં ઝડપથી ફેલાઈ રહી છે. વૈજ્ઞાનિકો હજુ સુધી તે કહી શક્યા નથી કે, શું આનો અર્થ વિશ્વમાં વાયરસના નવા સ્વરૂપનો પ્રકોપ છે, પરંતુ આશંકા છે કે આવું થઈ શકે છે.

## ૨૦૨૩માં ૯ રાજયોમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે

નવી દિલ્હી તા.૩૧

વર્ષ ૨૦૨૩માં મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, કર્ણાટક, તેલંગાણા સહિત કુલ ૯ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે.જે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમા માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે

ગુજરાત વિધાનસભાની ચુંટણી યોજાયા બાદ ૨૦૨૩માં ૯ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. જેમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, કર્ણાટક, તેલંગાણા, ત્રિપુરા, મેઘાલય, નાગાલેન્ડ અને મિઝોરમનો સમાવેશ થાય છે. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં પણ વિધાનસભાની ચૂંટણી થવાની શક્યતાઓ સેવાઈ રહી છે. લદ્દાખને અલગ કરીને કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં હજુ સુધી વિધાનસભાની ચૂંટણીઓ થઈ નથી. જો આમ થશે તો ૨૦૨૩માં ૧૦ રાજ્યોમાં ચૂંટણી યોજાશે. આ તમામ ચૂંટણીઓ ૨૦૨૪માં યોજાનારી લોકસભા ચૂંટણીમા માટે નિર્ણાયક સાબિત થશે.

૨૦૨૩માં જે ૯ રાજ્યોમાં ચૂંટણી થવાની છે તેમાંથી મધ્યપ્રદેશ, કર્ણાટક, ત્રિપુરામાં ભાજપની બહુમતીની સરકાર છે.મેઘાલય અને નાગાલેન્ડમાં ગઠબંધનમાં ભાજપની સરકાર છે.ભાજપ માટે ૯માંથી પાંચ રાજ્યોમાં સત્તા જાળવી રાખવાનો પડકાર છે. બીજી તરફ રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસની બહુમતી સરકાર છે. કોંગ્રેસ પાસે આ બંને રાજ્યોમાં સત્તામાં રહેવાનો પડકાર છે. તેલંગાણામાં કે. ચંદ્રશેખર રાવની ભારત રાષ્ટ્ર સમિતિ સત્તામાં છે. મિઝોરમમાં જોરામથાંગાના નેતૃત્વમાં મિઝો નેશનલ ફ્રન્ટનું શાસન છે.

## હીરાબાનાં નિધન સબબ વિશ્વનાં દેશોનાં વડાઓએ દુઃખ પ્રગટ કર્યુ

નવી દિલ્હી, તા.૩૧: અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન અને પ્રથમ મહિલા ઝિલ બાઈડેને પ્રધાનમંત્રી મોદીની માતા હીરાબેન મોદીના નિધન ઉપર શોકવ્યકત કર્યો છે અને સાંત્વના આપી હતી. જો બાઈડેને પોતાના સત્તાવાર ટ્વિટર હેંડલ ઉપર કહ્યું કે, ઝિલ અને હું પ્રધાનમંત્રી મોદીની માતા હીરાબેન મોદીના નિધન ઉપર ઊંડા શોકની સંવેદનાઓ મોકલીએ છીએ.

ભારતમાં ચીની દૂતાવાસે પણ હીરાબાના નિધન ઉપર શોક વ્યકત કરતા કહ્યું કે, પ્રધાનમંત્રી મોદી પ્રત્યે તેમની માતા હીરાબેન મોદીના નિધન ઉપર ઊંડા શોકની લાગણી અનુભવીએ છીએ. શોક સંતપ્ત પરિવાર પ્રત્યે અમારી સંવેદનાઓ. તેમના આત્માને શાંતિ મળે. પાકિસ્તાનના પ્રધાનમંત્રી શહબાઝ શરીફે પણ પ્રધાનમંત્રી મોદીના માતા હીરાબાના નિધન ઉપર શોક વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત ઈઝરાયલ, માલદીવ, બાંગ્લાદેશ, ભૂટાન, નેપાળ, સઉદી અરબના રાષ્ટ્રાધ્યક્ષોએ પણ સંવેદના વ્યક્ત કરી હતી.

## ઓમીક્રોનનાં ખતરનાક નવા વેરીયન્ટનો પ્રથમ કેસ ગુજરાતમાં નોંધાયો

નવી દિલ્હી તા. ૩૧

હવે કોવિડ-ઓમીક્રોનના નવા એક સબ વેરીયેન્ટની ચિંતા જોવા મળી રહી છે. અમેરિકાના ન્યુયોર્ક સહિતના ક્ષેત્રોમાં કોવિડના સંક્રમણ વધારવામાં અને હોસ્પીટલાઈઝેશનની પણ આવશ્યકતા રહે તેવા એકસબીબી ૧.૫ વેરીયેન્ટનો પ્રથમ કેસ દેશમાં ચાલુ માસ (ડિસેમ્બર)માં ગુજરાતમાં નોંધાયો છે. એકસબીબી ૧.૫ એ ઓમીક્રોનના બે સબ વેરીએન્ટનો નવેસરથી સર્જાયેલો પ્રકાર છે અને તેની સંક્રમકતા વધુ તીવ્ર છે છેલ્લા બે સપ્તાહથી તે જાહેર થયા નથી તેની આર.વેલ્યુ તથા સંક્રમણ વેલ્યુ અગાઉ તમામ વેરીએન્ટ કરતા વધુ ઘાતક બની શકે છે.મહારાષ્ટ્રમાં કોવિડ ટાસ્ક ફોર્સના તકેદારી વિભાગના વડા ડો. પ્રદીપ અવાતે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે અમો આ વેરીએન્ટના જીનેટીક ફુટપ્રિન્ટ ઉપર નજર રાખે છે અને ૧૦૦ ટકા કેસમાં જીનેટીક સિકવન્સનો પ્રારંભ કર્યો છે. ગુજરાતમાં ચાલુ માસમાં આ વેરીએન્ટનો પ્રથમ કેસ નોંધાયો છે પણ ગુજરાત સરકારે હજુ સુધી તેના ઉપર કોઈ જાહેરાત કરી નથી.

## અમદાવાદનાં નારણપુરા સ્થિત મોદી આઈ કેર હોસ્પીટલમાં આગ ફાટી નીકળતા પતિ-પત્નીનાં મોત

અમદાવાદ તા. ૩૧

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં જય મંગલ BRTS બસ સ્ટેન્ડ પાસે આવેલી મોદી આઈ કેર હોસ્પીટલમાં આગ લાગી છે. ઘટનાને પગલે બે એમ્બ્યુલન્સ, ચારથી વધુ ફાયરબ્રિગેડની ગાડીઓ અને ફાયરના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતો. હોસ્પિટલમાં બેના મોત થયા છે.

મોદી આઈ કેર હોસ્પિટલમાં લાગેલી આગમાં ગૂંગળામણના કારણે હોસ્પિટલમાં દેખરેખ રાખનારા પતિ-પત્નીના મોત થયા છે. મૂળ રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના ધરીયાવાદ ગામના રહેવાસી નરેશભાઈ પારઘી (ઉ.વ ૨૫) અને તેમના પત્ની હર્ષાબેન પારઘી (ઉ.વ.૨૪)નું ગૂંગળામણથી મોત થયું છે. નારણપુરા વિસ્તારમાં જયમંગલ બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે આવેલી મોદી આઈ કેર સેન્ટર નામની હોસ્પિટલમાં મોડી ગતરાત્રે આગ લાગી હતી.

### સમાચાર રાઉન્ડ અપ

- ● ગુજરાતમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી વખતે છાકટા બનનાર લોકો વિરૂધ્ધ ગુજરાત પોલીસે ખાસ એકશન પ્લાન તૈયાર કર્યો : છેડતી તેમજ દંગલ મચાવનાર લોકોનું આવી બનશે
- ● થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે લોકોમાં ભારે થનગનાટ : પ્યાસીઓએ દિવ, આબુ, ગોવા તરફ દોટ લગાવી
- ● સાણંદમાં આવેલો ફોર્ડનો પ્લાન્ટ ટાટા ખરીદી લેશે
- ● ગ્લોબલ વોર્મિંગને કારણે સમુદ્રની સપાટી વધી જશે : એશિયાનાં ૫૦ શહેરો સમુદ્રમાં ડુબી જશે
- ● ચીનનાં શાંઘાઈ શહેરનાં શબ ઘરમાં ૧૦ હજાર મૃતદેહોનો ઢગલો
- ● નવા વર્ષે વિજ ગ્રાહકોને ઝટકો લાગશે
- ● કાર અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા રિષભ પંતની તબિયત સુધારા પર

## મકરસંક્રાતિ બાદ મોદી કેબીનેટનું વિસ્તરણ કરાશે

નવી દિલ્હી,તા. ૩૧: મકરસંક્રાંતિ એટલે કે ૧૪ જાન્યુઆરી પછી મોદી કેબિનેટનું વિસ્તરણ થઈ શકે છે. સૂત્રો મુજબ આ વખતે નવા ચહેરાઓને સ્થાન મળી શકે છે.સાથે જ અનેક રાજયોમાં સંગઠન અને પ્રભારીઓમાં પણ ફેરફારો આવી શકે છે.

સૂત્રોએ જણાવ્યું કે વિસ્તરણ આગામી વર્ષે ૯ રાજયોમાં વિધાનસભાની ચૂંટણીઓ અને ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી થવાની છે તે ધ્યાનમાં રાખીને કરવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે કેટલાક મંત્રીઓને તેમના નબાળા પ્રદર્શનના આધારે હટાવવામાં પણ આવી શકે છે.

**વટાળ પ્રવૃતિ સામે બજરંગદળનો આક્રોશ**

## કાંકરીયા કાર્નિવલમાં સાન્તાકલોઝ બનીને આવેલા શખ્સોને લોકોએ દોડાવી દોડાવીને માર્યા

અમદાવાદ તા. ૩૧

અમદાવાદમાં એક તરફ કાંકરિયા કાર્નિવલમાં લાખો લોકો રોજ ઉત્સવની મજા માણવા માટે આવી રહ્યા છે. ત્યારે ગતરાત્રે લોકોએ અહીં સાન્તાક્લોઝ બનીને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરી રહેલાઓને લોકોએ બેફામ ગાળો ભાંડી ફડાકા ઝીંક્યા હતા. લોકોએ સાન્તાક્લોઝ બનેલાઓને દોડાવી દોડાવીને માર્યા હોય એવો વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં લોકો સાન્તાક્લોઝ બનેલા લોકોને કહી રહ્યા છે કે તમારા ચર્ચમાં જઈને ધર્મનો ફેલાવો કરો, તમે લોકોનું માઈન્ડવોશ કરી રહ્યા છો. બજરંગ દળનું કહેવું છે કે અહીં લોકો ધર્મનો પ્રચાર કરી રહ્યા હતા અને ઘણા સમયથી સાન્તાક્લોઝના કોસ્ચ્યૂમ પહેરીને ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટેનાં પુસ્તકો વહેંચી રહ્યા હતા. આ વાત ધ્યાન ઉપર આવતાં તેમને અહીંથી ખસેડવા માટે કાર્યવાહી કરવામાં આવી હતી.

ગતરાત્રે કાંકરિયા પ્રાણી સંગ્રહાલયના એન્ટ્રી ગેટ પાસે કેટલાક લોકોને બજરંગ દળના લોકોએ દોડાવી દોડાવીને માર્યા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં બજરંગ દળના નેતાઓ દેખાઈ રહ્યા છે. આ વિડિયોમાં એવું પણ બોલતા સંભળાય છે કે કાર્નિવલ શરૂ થયું ત્યારના મિશનરીઓ અહીં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા આવી ગયા છે. કાર્નિવલમાં લોકોને ટાર્ગેટ કરીને મિશનરીના પ્રચારકો તેમને પુસ્તકો આપી ચર્ચમાં આવવા આમંત્રણ આપતા હોવાના પણ આક્ષેપો થયા છે.


**સિમલા, કુલ્લુ, મનાલી ફ્રૂફરી**

૨ માર્ચ રહેવા, જમવા, ફરવા,
ટ્રેન સાથે ૯ દિવસ - અમદાવાદથી
ટિકીટ રૂા. ૨૮,૦૦૦ (કપલ)

**હેમાદ્રી ટ્રાવેલ્સ**

કોન્ટેકટ : ૦૮૪૬૦૦ ૧૩૧૦૦

**જૂનાગઢમાં સૌપ્રથમ વાર અદ્દભૂત એક્ષ્ચેન્જ ઓફર**

VIP INDIA'S NO.1 LUGGAGE

તમારૂ કોઈપણ જુનુ બેગ લઈ આવો...
**નવું બેગ લઈ જાવ**
અને રૂા. ૨૦૦૦/- ડીસ્કાઉન્ટ મેળવો



**પટેલ સેલ્સ એજન્સી**
દિવાન ચોક, જૂનાગઢ. મો. ૯૮૭૯૧ ૯૪૧૦૧

**રેંટ ઉપર આપવાનું છે**

ગોકુલ નગર સોસાયટીમાં માર્ટ ટાઈપની
દુકાન ચાલુ વેપારે આપવાની છે
તેમજ
ફોરવ્હીલ લેવા તથા વેચવા માટે મળો

: કોન્ટેકટ :
૯૫૧૨૮ ૮૧૭૫૭, ૮૯૫૯૫ ૦૦૦૦૫

**મોકાનો શોરૂમ ભાડે આપવાનો છે**

ગ્રાઉન્ડ ફલોર આશરે ૧૫૫૦ સ્કે.ફીટ
અને ફર્સ્ટ ફલોર આશરે ૨૯૦૦ સ્કે.ફીટ
પાર્કીંગની ફુલ ફેસેલીટી બેઈઝમેન્ટ અને ફ્રન્ટમાં
મેરીગોલ્ડ-૩, બહાઉદીન કોલેજ સામે, જૂનાગઢ
મો. ૯૮૨૫૦ ૭૯૮૬૫

**લકઝરીયસ બંગ્લો વેચવાનો છે**

દોમડીયાવાડીની બાજુમાં,કાળવા ચોક SBI ની સામે, ગીરીકુંજ સોસાયટીમાં, વ્યાજબી ભાવે બંગલો વેચાણમાં. ૧૫૨ વાર, નવું બાંધકામ,પાંચ રૂમ, ડ્રોઈંગ રૂમ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર, ફુલ ફર્નિશ્ડ,ઉત્તરાભિમુખ, સ્વતંત્ર બોર. ટાઈટલ કલીઅર. ભૂલશો તો ચૂકશો

સંપર્ક : ૭૫૭૫૮૦૬૫૮૫

ટુંક સમયમાં વેરાવળમાં તા. ૧-૧-૨૦૨૩ થી શુભ શરૂઆત થશે...



**ડો. આઈ.આઈ. વાજા**
M.B.B.S., DNB (Ortho)
ઓર્થોપેડીક સર્જન
(હાડકાના રોગોના નિષ્ણાંત)

**યુનીક ઓર્થો કેર**

ફોન : (૦૨૮૭૬) ૨૨૨૪૬૬

અનુભવ : સિવીલ હોસ્પીટલ-વેરાવળ ● અંકુર ઓર્થોપેડીક-વેરાવળ
● L.G. & G.C.S. મેડીકલ કોલેજ-અમદાવાદ ●
● ગ્લોબલ હોસ્પીટલ-હૈદરાબાદ ● KIMS-ALSHIFA હોસ્પીટલ-કેરાલા ●

બસ સ્ટેન્ડની સામે, મમતા હોસ્પીટલની બાજુમાં, વેરાવળ.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

# દ્વારકાના મંદિરના શીખર આસપાસ ડ્રોન ઉડાડવાની મનાઈ પણ તેના ઉપર સહ પરીવાર ચડવાની છૂટ !



(સુરેશચંદ્ર એમ. ધોકાઈદ્વારા)

દ્વારકાતા.૩૧

દ્વારકાધિશ મંદિરના શીખર ઉપર કોઈ સહ પરીવાર ચડીજતા તેનો વિડિયો વાયરલ થતાં મંદિરની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થવા સાથે પોલીસની પોલીસી ટીકાપાત્ર બન્યાનું બહાર આવેલ છે. જે અંગેની વિગત મુજબ જગ વિખ્યાતઅનેપુરાત્વ ખાતા દ્વારા રક્ષિત સ્મારકની યાદીમાં નોંધાયેલ દ્વારકાના જગત મંદિરની સુરક્ષાના ચીંથરા ઉડાડતી ઘટના બનવા પામેલ હોય તેમ આ મંદિરની આસપાસ ડ્રોન ઉડાડવાની કે અગાઉથી મંજૂરી વગર હેલિોપ્ટર ઉડાવવાની કે તેમાંથી ધાર્મિક પ્રસંગે પુષ્પૃષ્ટિ કરવાની મનાઈ છે. ત્યારે આ મંદિર ઉપર કોઈ સહ પરીવાર ધ્વજા ચડાવવા જવાના માર્ગેથી કે અન્ય કોઈ માર્ગેથી ઉપર ચડી જતા અનેત્યાં આનંદની પળો માણી રહ્યાનું ધ્યાનમાં આવતા તેનો વીડિયો ઉતારી વાયરલ કરતા તે ટોક ઓફ ધ ટાઉન બનવા સાથે મંદિરની સુરક્ષા માટે ગોઠવવામાં આવેલ સ્પેશ્યલ વધારાના પોલીસ બંદોબસ્તની કાર્યવાહી સામે ગંભીર પ્રશ્નો ઉભા કરી રહ્યાનું જણાય છે. દૂર-દૂરથી ભક્તિભાવ સાથે આવતા વૃદ્ધ-અશક્ત-બાળકો જેવા સામાન્ય યાત્રિકને મંદિરમાં પ્રવેશવા માટે લાંબી લાઈનોમાં લાંબો સમય ઉભા રહી દૂરથી જ દર્શન કરવા માંડમાંડ મળે છે. ત્યારે અહિઆ ભક્ત કે સશક્ત વ્યક્તિ મંદિરના શીખર સુધી આરામથી પહોંચી જઈ ત્યાં આનંદની ક્ષણો આરામથી માણે અને પ્રજાજન તેનો વિડિયો ઉતારી વાયરલ કરે ત્યાં સુધી તંત્ર ઊંઘતું ઝડપાય તે મંદિરની સુરક્ષાનું સ્તર કેટલુંઅને કેવુંછે તે જાહેર કરી રહ્યું છે. ત્યારે આ અંગે પ્રત્યાઘાત આપતા અગ્રણીઓ અને ખુદ સ્થાનિક બ્રાહ્મણોએ ટુંકમાં ઘણું કહેતા ફકત "હવે તો દ્વારકાનાથ ખુદ પોતાની રક્ષા" કરશે તો જ તે અને આ મંદિર સલામત રહેશે તેવું જણાવી અસંતોષ વ્યક્ત કર્યાનું બહાર આવેલ છે.

# દ્વારકા ખાતે ૧૦ જાન્યુઆરીના યોજાશે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૩૧

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતને પ્રવાસન ક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત થાય તે માટે દરવર્ષની જેમ આ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી તારીખ ૧૦ જાન્યુઆરીના રોજ દ્વારકા ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે. જેની પૂર્વ તૈયારીના ભાગરૂપે ખંભાળિયાની જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર એમ.એ. પંડ્યાના અધ્યક્ષ સ્થાને ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા કલેકટર પંડ્યાએ જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજનકરવામાં આવશે. જેમાં આગામી તા.૧૦ના રોજ દ્વારકા ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે. અહીં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પતંગબાજો દ્વારા કાઈટ ફ્લાઈંગ યોજવામાં આવશે. જિલ્લા કલેકટર દ્વારા અન્ય દેશોમાંથી આવતા પતંગબાજોને જરૂરી સુવિધા મળી રહે અને કાર્યક્રમને આનુષંગિક વ્યવસ્થાઓ સુચરૂરૂપે થાય તે માટે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નિષ્ઠાવાન અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરનાર પોલીસ અધિકારી નિવૃત્ત થયા એટલે તેમના જીવનનું જોખમ પૂરૂ થાય ?

## ખંભાળિયાના પૂર્વપોલીસ અધિકારીનું હથિયારનું લાયસન્સ રીન્યુન કરાયું: સોશ્યલ મીડિયામાં વ્યાપક ચર્ચાઓ



(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૩૧

ખંભાળિયામાં અગાઉ પોલીસ અધિકારી તરીકે ફરજ બજાવી ચૂકેલા એક નિષ્ઠાવાન પોલીસ અધિકારી કે જેઓ તેમના આશરે સાડા ત્રણ દાયકાના ફરજકાળ દરમ્યાન પી.એસ.આઈ., પી.આઈ. તથા ડી.વાય.એસ.પી. તરીકે ફરજ બજાવી અને તેમના કાર્યકાળ દરમિયાન નક્કર અને નમૂનેદાર કામગીરી કરી ચૂક્યા છે, તે નિવૃત્તપોલીસ અધિકારી કે.એમ. વરૂની રિવોલ્વરનો હથિયાર કરવાનો જૂનાગઢના કલેક્ટર તંત્ર દ્વારા રીન્યુ ન કરવામાં આવતા આ સમગ્ર પ્રકરણ હાલ સોશિયલ મીડિયા ઉપર ભારે ચર્ચાપાત્ર બન્યું છે. સાથે સાથે હાલના ભ્રષ્ટ તંત્રની આકરી ટીકાઓ પણ થઈ રહી છે. સનદી નિવૃત્ત અધિકારી રમેશ સવાણીએ કલેકટર કચેરીનો વહીવટ કેવો કથળી ગયો છે, તે અંગે તાજેતરમાં સોશિયલ મીડિયામાં આ અંગેની વિગતો મુકતા લોકોને વિચલિત કરી દીધા છે. નિવૃત પોલીસ અધિકારી કે.એમ. વરૂ ગુજરાતના જુદા જુદા દસ જિલ્લાઓમાં નોંધપાત્ર કામગીરી કરી ચૂક્યા છે. સાથે-સાથે લાંચ રૂશ્વત વિભાગમાં પણ કામગીરી કરી છે. ખંભાળિયામાં નોંધાયેલો ટાડાનો પ્રથમ કેસકે જે સુપ્રીમ સુધી પહોંચ્યો છે, તે હથિયારો તથા રોકડ રકમ સાથેનો આ ટાડા કેસ સમગ્ર ભારતનો પ્રથમ અને મોટો કેસ બની રહ્યો હતો. જેમાં તેમની કામગીરીથી તેઓએ ગુનેગારોને પગ સુધી પરસેવો લાવી દીધો હતો. આવા અધિકારીના હથિયાર પરવાનાને રિન્યુ કરવા માટે તેમના દ્વારા જૂનાગઢ કલેક્ટર કચેરીમાં અરજી કરવામાં આવી હતી. જે નામંજૂર કરવામાં આવતા સનદી અધિકારી રમેશ સવાણીએ સોશિયલ મીડિયામાં સવાલ કરેલ કે "શું પોલીસ અધિકારી નિવૃત્ત થાય એટલે એના જાનનું જોખમ પૂરૂ થઈ જાય?" આ બાબતે ભારે ચર્ચા જગાવી છે. નવાઈની બાબતો એ છે કે આ અંગેની સુનાવણી દરમ્યાન જિલ્લા કલેકટર તો મૌન રહ્યા, પરંતુ માત્ર એક મિનિટ કરતાં ઓછા સમયમાં કલાર્કે બે-ચાર પ્રશ્નો પૂછી, ચુનાવણી પૂરી કરી અને રીન્યુ અરજી નામંજૂર કરી દીધી હોવાનું કહેવાય છે. અરજદાર સાથે અનિચ્છનીય બનાવ બન્યો નથી એટલે જરૂર નથી તેવું પણ કહેવાય છે. ખાનગી વ્યક્તિ, વેપારી અને રાજકીય નેતાઓને હથિયારોના લાયસન્સ માટે કરવામાં આવતો "વહીવટ" સમગ્ર રાજયમાં ચર્ચાપાત્ર છે. ત્યારે નિષ્ઠાવાન નિવૃત પોલીસ અધિકારીનેહથિયારનું લાયસન્સ શા માટે નહીં? આ મુદ્દો સમગ્ર રાજ્યમાં ચર્ચાસ્પદ બન્યો છે. આ બાબતે નિવૃત્ત અધિકારી કે.એમ. વરૂ દ્વારા ગૃહ વિભાગમાં પણ અપીલ કરવામાં આવી છે.

## ખંભાળિયામાં આવતીકાલે રક્તદાન કેમ્પ

(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૩૧

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા લાયન્સ ક્લબના ઉપક્રમે આવતીકાલે રવિવારે સવારે ૯:૩૦ થી સાંજે ૭ વાગ્યા સુધી અત્રે જોધપુર ગેઈટ નજીક આવેલા જલારામ બાપાના મંદિર ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવા માં આવ્યું છે. આ કેમ્પમાં રક્તદાન કરનારા દરેક રક્તદાતાઓને આકર્ષક સ્મૃતિ ભેટ આપવામાં આવશે. "રક્તદાન મહાદાન"ના સૂત્રને સાર્થક કરી, આ કેમ્પમાં રક્તદાન કરવા લાયન્સ ક્લબના પ્રમુખ વિનુભાઈ બરછા (ઘી વાળા) તથા પ્રોજેક્ટ ચેરમેન જેમીનીબેન મોટાણી અને નિમિષાબેન નકુમ દ્વારા નગરજનોને અપીલ કરવામાં આવી છે.

## ખંભાળિયાના પોસ વિસ્તારોમાં બાઈકર્સનો ત્રાસ, લોકો પરેશાન: પોલીસ વડાને રજૂઆત

(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૩૧

ખંભાળિયાની રામનાથ સોસાયટીમાં છેલ્લા કેટલાક દિવસથી બાઈકર્સ રોમિયોનો ત્રાસ હોવાની ફરિયાદો સ્થાનિકોમાં ઊઠવામાં પામી છે. અહીંની રામનાથ સોસાયટી નજીકના પુલ પાસેથી દરરોજ કેટલાક ટીખળી તત્વો બુલેટ મારફતે ફાયરિંગ જેવા અવાજો કાઢી અને ધુમ સ્ટાઈલથી નીકળે છે. આવા તત્વો મોટા અવાજ વાળા હોર્ન વગાડી, સ્થાનિકોને પરેશાન કરવા ફટાકડા ફોડતા હોવા જેવા બનાવોથી સ્થાનિક રહીશોમાં ભારે રોષની લાગણી પ્રસરી જવા પામી છે. નદી કાંઠાના શાંત વિસ્તારમાં આવા ટીખળી તત્વોની ટોળી દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી આવી પ્રવૃત્તિથી સ્થાનિકોને પરેશાન કરતા હોવા અંગે જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરવામાં આવી છે. પોલીસે તોફાની તત્વો સામે કડક સાથે કામગીરી કરવાની માંગ સ્થાનિક રહીશોમાં ઉઠવા પામી છે.

## ખંભાળિયાના કેશોદ ગામે આજે શિલાન્યાસ

(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૩૧

ખંભાળિયા તાલુકાના કેશોદ ગામે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન થયેલા અનેક વિકાસ કાર્યો તથા ભાવિ આયોજનના ભવ્ય શિલાન્યાસ તેમજ લોકાર્પણ કાર્યક્રમનું આયોજન આજે શનિવાર તા.૩૧ના રોજ કેશોદ ગામની પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું છે.

# કોડિનારમાં યોજાયો વિજ્ઞાનમેળો, આકર્ષણનું કેન્દ્ર બન્યા બાળ વૈજ્ઞાનિકોના અનોખા 'આવિષ્કાર'

### બાળવૈજ્ઞાનિકોની અજાયબીભરી કૃતિઓ નિહાળી આશ્ચર્યનો અહોભાવ વ્યક્ત કરતાં મુલાકાતીઓ : જિલ્લા કક્ષાના વિજ્ઞાનમેળામાં ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ આધારિત વેસ્ટમાંથી બેસ્ટ 'આવિષ્કાર'નું પ્રદર્શન





(પ્રતિનિધિદ્વારા)

વેરાવળતા.૩૧

કોડિનાર ખાતે આવેલી સોમનાથ સાયન્સ એકેડમીના વિશાળપટાંગણમાં ગીર સોમનાથ જિલ્લા કક્ષાનો પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ માટેનો ૮મો વિજ્ઞાન-ગણિત-પર્યાવરણપ્રદર્શન મેળો યોજાયો હતો. જેમાં તમામ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતાં. બાળ વૈજ્ઞાનિકોના અનોખા આવિષ્કાર નિહાળી મુલાકાતીઓએ આશ્ચર્યનો અહોભાવ વ્યક્ત કર્યો હતો. આ વિજ્ઞાનમેળામાં ઈ-હાઈવે, પવનઉર્જા, ડિફેન્સ સિસ્ટમ, ગાર્બેજ સિસ્ટમ, આયુર્વેદ ઔષધિઓના ઉપયોગ, સંચાલિકા પ્રણાલી, હવાશુદ્ધિકરણ સહિતના વિવિધ મુદ્દે ૩૦ પ્રાથમિક અને ૩૦ માધ્યમિક એમ કુલ ૬૦થી વધુ કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. વિજ્ઞાન સલાહકાર કિશોરકુમાર ચિત્રોડાએ જણાવ્યું હતું કે, તાલુકા કક્ષાએ પ્રથમ આવેલી બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓને જિલ્લા કક્ષાના વિજ્ઞાનમેળામાં સ્થાન મળ્યું છે અને વિજેતા કૃતિઓને ક્રમશઃ ઝોનલ તેમજ રાજ્યકક્ષાએ સ્થાન મળશે. ત્રણ દિવસ દરમ્યાન શિક્ષકોઅને વિદ્યાર્થીઓની રહેવા-જમવાની વ્યવસ્થા કરનાર સોમનાથ સાયન્સ એકેડમીના પ્રમુખ કરસનભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, આવા જ્ઞાનસભર મેળાઓથી બાળકોમાં રહેલી આંતરિક પ્રતિભા ખીલી ઉઠે છે જે દેશ માટે ભવિષ્યમાં ફાયદાકારક છે. આજના વિદ્યાર્થીઓ ભારત માટે આવતીકાલનું સોનેરી ભવિષ્ય રચી શકે છે. આ વિજ્ઞાનમેળામાં જિલ્લા પ્રાશમિક શિક્ષણ અધિકારી એચ.કે.વાજા, જિલ્લા તાલીમ ભવન પ્રાચાર્ય પંપાણીયાભાઈ સહિતના શિક્ષણવિદો તેમજ અગ્રણીઓ, અધિકારીઓ અને કર્મચારીઓએ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો તો વિવિધ સ્કૂલોના વિદ્યાર્થીઓએ પણ બાળવૈજ્ઞાનિકોના આવિષ્કાર નિહાળી પ્રેરણાં મેળવી હતી.

# ખંભાળિયાના સલાયા તથા વાડીનાર વિસ્તારમાંથી ઝડપાયેલા ઈંગ્લિશ દારૂના જથ્થા ઉપર ફર્યું સરકારી બુલડોઝર





(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૩૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા પંથકમાંથી પોલીસ તંત્ર દ્વારા વિદેશી દારૂ સંદર્ભે કરવામાં આવેલી કામગીરી અંતર્ગત જુદા જુદા ગુનાઓમાં દારૂનો જથ્થો પોલીસને હાથ લાગ્યો હતો. આ અંતર્ગત ખંભાળિયા તાલુકાના સલાયા મરીન પોલીસ સ્ટેશન તથા વાડીનાર મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઝડપાયેલા જુદાજુદા ગુનાઓમાં સલાયામાંથી ઝડપાયેલા રૂપિયા ૬,૨૯,૩૦૦ની કિંમતની વિદેશી દારૂની ૧૫૦૬ બોટલ તથા વાડીનાર મરીન પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલી રૂપિયા ૧,૦૨,૪૫૦ની કિંમતની ૨૭૨ બોટલ પરપ્રાંતિય શરાબના જથ્થા મળી કુલ રૂપિયા ૭,૩૧,૭૫૦ની ૧૭૭૮ બોટલનો કોર્ટની પરવાનગી બાદ સલાયા ખાતે સરકારી જગ્યા ઉપર બુલડોઝર ફેરવીને નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહીમાં અહીંના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, નશાબંધી અધિકારી સાથે ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ, સલાયાના પી.આઈ. અક્ષય પટેલ તથા પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

જૂનાગઢમાં ફ્લેટ વેંચવાનો છે
જૂનાગઢમાં જલારામ સોસાયટીમાં ઉત્તર દિશાનો 3 BHK દીલથી બનાવેલ ફુલ ફર્નીચર સાથે ફલેટ વેંચવાનો છે
: કોન્ટેક નંબર :
પંકજભાઈ રૂપારેલીયા
મો૯૮૯૮૭૫૪૩૨૮

મિલકતો વેચવાની છે
★ ત્રિપ્લેક્ષ- ગેંડા અગડ રોડ
★ ત્રિપ્લેક્ષ- દુધેશ્વર સોસાયટી બસ સ્ટેન્ડ પાસે
★ ડુપ્લેક્ષ-રાજકોટ મોરબી રોડ (જૂનાગઢમાં બદલો ચાલશે)
★ ત્રિપ્લેક્ષ-શુકલ શેરી જવાહર રોડ વેંચવાનું છે
★ ફલેટ, ઓફિસ, મકાન ભાડે મળશે
મો૮૧૪૦૫૨૨૮૨૦

2 BHK ફ્લેટ વેંચવાનો છે
જૂનાગઢમાં માંગનાથ રોડ, રોડ સાઈડનો પહેલા માળે (૭૦૦ ફુટ) કોમર્શીયલ અને રહેણાંક માટે ફ્લેટ વેંચવાનો છે (હોલસેલ વેપારી માટે બેસ્ટ)
: કોન્ટેક :
મો૯૮૯૮૯૩૪૯૯૦
મો૯૪૨૬૬૧૭૪૬૧


૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦
મલાઈ(ક્રિમ) રૂા. ૩૦૦
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૯૦
ગાયનું ઘી રૂા. ૬૦૦
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોનઃ ૨૬૨૨૮૮૮

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ
ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોક્માં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

વંદના સ્પેશિયલ
- સ્પે. પંજાબી પફ
- ઘઉંની બ્રેડ (આટાબ્રેડ)
- સ્પે. પફ/પીઝા, ખારી
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ ફોન : ૨૬૨૪૨૪૪
નારાયણ બેકરી
સુખનાથ ચોક
ફોન : ૨૬૨૩૨૨૪

# ૨૦૨૨ના વર્ષનો આજે અંતિમ દિવસ : મધ્યરાત્રીએ ૨૦૨૩ના નૂતન વર્ષનું આગમનને વધાવવા ભારે ઉત્સાહ

## જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રભરમાં યુવા વર્ગ દ્વારા અનેક વિવિધ કાર્યક્રમો : ૩૧ ફર્સ્ટની ઉજવણીને લઈને પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત

જૂનાગઢ, તા.૩૧

૨૦૨૨ના વર્ષનો આજે અંતિમ દિવસ છે. આજે મધ્યરાત્રીએ ૨૦૨૩ના નૂતન વર્ષનું આગમન થઈ રહ્યું છે ત્યારે તેને વધાવવા માટે યુવા વર્ગમાંભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. જૂનાગઢ સાહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં અનોકવિધ કાર્યક્રમોના આયોજન થયા છે અને ૩૧ ફર્સ્ટની ઉજવણી અંતર્ગત પાર્ટી પ્લોટ સહીતના સ્થળોએ ઉજવણી થશે તેમ મનાય છે. નવા વર્ષના આગમનની ઉજવણી શાંતિ પૂર્ણ રીતે હર્ષોલ્લાસ અને આનંદથી ઉજવણી થાય તેમાં કોઈને વાંધો ન હોય શકે પરંતુ ૩૧ ફર્સ્ટની ઉજવણીની મોજમાં કોઈપણ અનિચ્છનીય બનાવ બને નહી તે માટે પોલીસ તંત્ર દ્વારા તકેદારીના પગલા લેવામાંઆવી રહ્યા છે. જૂનાગઢ રેન્જના આઈજીપી મયંકસિંહ ચાવડા, જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જીલ્લામાં ચુસ્ત અને કડક બંદોબસ્ત ગોઠવામાં આવ્યો છે. જૂનાગઢ જીલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે એક્શન પ્લાન ઘડી કાઢયો છે અને જિલ્લા ૨૦ ચેકપોસ્ટ ઉભી કરાય છે તેમજ ૨૦ જેટલી ટીમ બનાવવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ અંગે જાણવા મળતી વિગત





અનુસાર આજ તા.૩૧ ડિસેમ્બર હોય અને ૩૧ ફર્સ્ટની ઉજવણીનો માહોલ સર્વત્ર જોવા મળી રહ્યો છે ત્યારે આ ઉજવણીમાં નશો કરનારાઓ સામે પોલીસે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. જૂનાગઢ જિલ્લામાં ૨૦ ચેકપોસ્ટ ઉભી કરી તમામ વાહનો સાથે લોકોનું બ્રેથ એનેલાઈઝરથી ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. દારૂ અને ડ્રગ સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ન થાય જેને લઈને ક્રાઈમ બ્રાન્ચ, એસ.ઓ.જી જેવી ટીમો પણ પેટ્રોલિંગ કરી રહી છે.

વિશેષમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા માટે પોલીસ કટિબદ્ધ છે.જૂનાગઢ જિલ્લામાં ૨૦ થી વધુ ચેકપોસ્ટ ઊભી કરવામાં આવી છે. શહેર તેમજ જિલ્લામાં પ્રવેશતા તમામ ચેકપોસ્ટ ઉપર વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહેલ છેઅનેબ્રેથ એનેલાઈઝરથી લોકોની તપાસ કરવામાં આવે છે.ડ્રિંક એન્ડ ડ્રાઈવના કિસ્સાઓમાં અકસ્માત પણ થતા હોય છે, જેને લઈને પોલીસે અકસ્માતો ન બને અને લોકો નશો કરીઅનેડ્રાઈવ ન કરે તેને લઈ જુદી જુદી ટીમો બનાવી છે. યુવાધન ડ્રગ્સ તરફ જઈ રહ્યું છે, ત્યારે જૂનાગઢ જિલ્લામાં એસ.ઓ.જી એ જુદી જુદી ટીમો બનાવીનેડ્રગ્સ પેડલરો અનેનશો કરનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# ૩૭મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા આવતીકાલ તા.૧ જાન્યુઆરીના યોજાશે

**મેયર ગીતાબેન પરમાર ફલેગ ઓફ કરી સ્પર્ધાનો પ્રારંભ કરાવશે**
**ગરવા ગિરનારને સર કરવા રાજયભરના ૧૪૭૧ સ્પર્ધકો દોટ મુકશે**

જૂનાગઢ, તા.૩૧

૩૭મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા આવતીકાલ તા.૧ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ યોજાશે. જેમાં રાજયભરના ૧૪૭૧ જેટલા સ્પર્ધકો ગરવા ગિરનારને સર કરવા માટે દોટ મૂકશે. રાજયના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અનેજિલ્લા વહીવટી તંત્રના સયુંકત ઉપક્રમે આયોજિત આ સ્પર્ધાનો સાસંકૃતિક મંચ, મહંત શ્રી મંગલનાથજીના આશ્રમ પાસે, ગિરનાર તળેટી, ભવનાથ ખાતેથી તા.૧લી જાન્યુઆરીના રોજ સવારે ૬-૪૫ કલાકે મેયર શ્રીમતિ ગીતાબેન પરમાર ફ્લોગ ઓફ કરી પ્રારંભ કરાવશે. સ્પાર્ધા પૂર્ણ થયા બાદ મહંત મંગલનાથજી આશ્રમ ખાતે બપોરે ૧૨ કલાકે ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવશે. ૩૭મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાના ઈનામ વિતરણ સમારોહમાં જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન દિનેશભાઈ ખટારિયા, સાસંદ રાજેશભાઈ ચુડાસમા, સાસંદ રમેશભાઈ ધડુક, ધારાસભ્ય સંજયભાઈ કોરડિયા, જૂનાગઢ જિલ્લા કલેકટર રચિત રાજ, જૂનાગઢ મહાનગરપાલિકા કમિશ્નર રાજેશ તન્ના, જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ વર્ષે ગિરનાર સ્પર્ધામાં ૧૪૭૧ સ્પર્ધકો નોંધાયા છે. જૂનાગઢમાંથી ૫૬૫, ગીર સોમનાથ ૫૩૭, ભાવનગર ૧૨૨, અમરેલી ૮૭, રાજકોટ ૪૭, જામનગર ૨૧, પોરબંદર ૧૭, દ્વારકા ૧૯, સુરેન્દ્રનગર ૧૨, સુરત ૧૧, ગાંધીનગર ૯, મહેસાણા ૮, દાહોદ ૪, વલસાડ ૩, કચ્છ ૩, અમદાવાદ ૨, બોટાદ, મોરબી, નવસારી, બનાસકાંઠામાંથી ૧-૧ કુલ ૧૪૭૧ જેટલા સ્પર્ધકો ભાગ લેનાર છે. જેમાં સિનિયર ભાઈઓ ૫૪૭, જુનિયર ભાઈઓ ૪૯૮, સિનિયર બહેનો ૨૩૪, જુનિયર બહેનો ૧૯૨ વિભાગવાઈઝ ભાગ લેનાર છે. રાજયકક્ષાની આ ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાને લઈને તમામ તૈયારીઓ તંત્ર દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં માતૃશ્રી હિરાબાને પંચ દશનામ જુના અખાડાના સંતોએ શ્રધ્ધાંજલી અર્પી

જૂનાગઢ, તા.૩૧

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતૃશ્રી હિરાબાનું નિધન થતા દેશભરમાંથી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી રહી છે ત્યારે પંચ દશનામ જુના અખાડાના સંતો દ્વારા પણ હિરાબાનો ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી છે.



પંચ દશનામ જુના અખાડાના દિગંબર સંન્યાસીઓ દ્વારા ભેરવ ઘાટ ગંગા ઘાટ ઉપર સદગત હિરાબાનો શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. જુના અખાડાના આંતરરાષ્ટ્રીય સરંક્ષક અને અખિલ ભારતીય અખાડા શ્રી મહંત હરીગીરી મહારાજે પરીષદના રાષ્ટ્રીય મહામંત્રી માતા હિરાબાનો ત્યાગ, તપસ્યા, મમતા અનો સમર્પણની સાક્ષાત પ્રતિર્મુતિ ગણાવ્યા હતા અને તેઓને માતા અનસુયાના અવતાર ગણાવી અનો ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. આ તકે વરીષ્ઠ સંતોએ પણ શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. જયારે જૂનાગઢમાં આવેલા ભવનાથ મહાદેવ મંદિર ખાતે સામગ્ર સ્ટાફ, પંડીતો, સંત સમાજ તેમજ ભવનાથ વિસ્તારના કોર્પોરેટર એભાભાઈ કટારા અનો સેવકગણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતૃશ્રી સદગત હિરાબાનો શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

# કોડીનારનાં ધારાસભ્ય દ્વારા સરકારી હોસ્પિટલમાં ચેકીંગ

## કોરોના જેવી મહામારીનાં પડકાર સામે સરકારી હોસ્પિટલની તૈયારીઓનું નિરીક્ષણ કર્યુ




(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૩૧

કોડીનારનાં ધારાસભ્ય ડો.પદયુમન વાજાએ કોરોનાનાં સંભવિત વેવને ધ્યાને રાખી કોડીનાર સરકારી હોસ્પિટલ, રા.ના.વાળા હોસ્પિટલ અને ડોળાસા સી.એચ.સી.ની મુલાકાત કરી હોસ્પિટલોની તૈયારીઓ અને ફરિયાદોનો ત્યાગ મેળવ્યો હતો. કોડીનારનાં ધારાસભ્ય ડો.પદયુમનભાઈ વાજાએગાંધીનગરની ડોકટરોની એકસપર્ટ ટીમ સાથે ગઈકાલે કોડીનાર સરકારી હોસ્પિટલની સાથે મુલાકાત કરી કોરોના સામે લડવા હોસ્પિટલ તંત્ર કેટલું સજજ છે તેની તૈયારીઓ અને કામગીરીની સમીક્ષા કરી, પોતે વ્યવસાયે ડોકટર જ હોય એક ડોકટરની રીતે હોસ્પિટલની લેબ, ઓ.પી.ડી., ડાયાલીસિસ વિભાગ, ફિઝિયોથેરાપી વિભાગ, ઓકસીજન પ્લાન્ટ સહિતનાં અલગ અલગ વિભાગોની ઝીણવટ ભરી ચેકીંગ કરી તમામ વિભાગોનાં રજીસ્ટર પણ તપાસી હોસ્પિટલનાં વોર્ડમાં દાખલ દર્દીઓ સાથે મુલાકાત કરી હોસ્પિટલમાં મળતી સુવિધાઓ અને ફરિયાદો વિષે માહિતી મેળવી હતી. કોડીનાર સરકારી હોસ્પિટલ ફકત એક જ ડોકટરથી ચાલતું હોવાનું અને અવાર નવાર ડોકટરોની જગ્યા ભરવા રજૂઆતો કર્યા છતાં ડોકટરો સહિતનાં ખાલી પડેલી જગ્યાઓની ભરતી કરવામાં આવતી ન હોવાનું ધારાસભ્યનાં ધ્યાને આવતા તેમણે આ અંગે ગાંધીનગર આરોગ્ય મંત્રાલયમાં રજૂઆત કરી વ્હેલી તકે ડોકટર સહિતની જગ્યાઓની ભરતી કરવા ખાત્રી આપી હતી. ડોકટર અને નર્સિંગ અને ટેકનિકલ સ્ટાફને જરૂરી સલાહ સૂચનો આપ્યા હતા.

# જૂનાગઢ : વરિયા વૈષ્ણવ પ્રજાપતિ સમાજનું ગૌરવ

જૂનાગઢ, તા.૩૧ : જૂનાગઢની એકલવ્ય પબ્લિક સ્કૂલમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા વાર્ષિક રમતોત્સવ યોજાયેલ. આ રમતોત્સવમાં વરિયા વૈષ્ણવ પ્રજાપતિ સમાજના ધો. ૩ માં અભ્યાસ કરતા પ્રજાપતિ જયદેવ નીરવભાઈ, લાંબા કુદકોમાં તેમજ ધો. ૧માં અભ્યાસ કરતા પ્રજાપતિ ક્રિશિવ નીરવભાઈ દોડ સ્પર્ધામાં તૃતીય આવેલ છે. બંને ભાઈઓને સ્કુલ તરફથી મેડલ તેમજ સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરેલ છે. આ સિદ્ધિ મેળવી બંનેએ પ્રજાપતિ સમાજનું ગૌરવ વધારેલ છે. આ તકે સ્કુલ સ્ટાફે તેમજ વરિયા વૈષ્ણવ પ્રજાપતિ સમાજના અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી હતી.



### યોગ ટ્રેનર બનવાની તક

# જૂનાગઢમાં આવતીકાલ તા.૧લી જાન્યુઆરીથી નિ:શુલ્ક યોગ ટ્રેનર્સ તાલીમનો પ્રારંભ

જૂનાગઢ, તા.૩૧

રાજ્યના રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ અંતર્ગતના ગુજરાત રાજ્ય યોગ બોર્ડના દ્વારા જૂનાગઢમાં યોગ ટ્રેનર્સ માટે એક માહિનાની તાલીમનુ આયોજન કરવામાં આવ્યું છે. જેનો આવતીકાલ તા.૧લી જાન્યુઆરીથી પ્રારંભ થશે. શહેરના મોતીબાગ નજીકની આર.એસ. કાલરીયા પ્રા. સ્કૂલ ખાતે યોજાનાર આ તાલીમ વિનામૂલ્યે આપવામાં આવશે. આ તાલીમ પૂર્ણ કર્યા બાદ યોગબોર્ડ દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. તાલીમનો સમયસાંજે ૪.૧૫થી ૫.૩૦ કલાક સુધીનો રહેશે. આ નિશુલ્કતાલીમમાં જોડવવા માટે યોગ કોચ વૈશાલીબેન સુડાસમાનો (નં.૯૭૨૭૦ ૨૧૨૫૮) સંપર્ક કરવાનો રહેશે.

# કોડીનારના વડનગર ગામે દીપડો પાંજરે પુરાયો

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૩૧

કોડીનાર તાલુકાના વડનગર ગામે લાખાભાઈ અરજનભાઈના ખેતરમાં દીપડાની અવર-જવર જોવા મળતા આ અંગે લાખાભાઈએ વન વિભાગને જાણ કરતા વનવિભાગના સ્ટાફ દ્વારા સ્થળ તપાસ કરી દિપડાને પાંજરે પૂરવા તાત્કાલીક પાંજરૂ ગોઠવી રેસ્કયુ હાથ ધરતા મોડી રાત્રીના ૩ કલાકની આસપાસ ૮ વર્ષનો નર દીપડો પાંજરે પુરાતા ગ્રામજનો અનેખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો હતો.



## રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટા કંપની રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ

# લોટસ ચોકલેટ કંપની લિમિટેડમાં ૫૧% બહુમતી હિસ્સો મેળવશે અને અન્ય ૨૬% હિસ્સો મેળવવા ઓપન ઓફર કરશે

મુંબઈ, તા.૩૧

રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડ (“RRVL”)ની એફએમસીજી શાખા અને સંપૂર્ણ માલિકીની પેટાકંપની રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ (“RCPL”) અને પ્રકાશ પી પાઈ, અનંત પી. પાઈ તથા લોટસના વર્તમાન પ્રમોટર અને પ્રમોટર ગ્રૂપની સંપૂર્ણ માલિકીની કંપની લોટસ ચોકલેટ કંપની લિમિટેડ (“LOTUS”) વચ્ચે આજે હસ્તાંતરણના કરાર કરવામાં આવ્યા હતા, જેની શરતો આ મુજબ રહેશે. RCPL લોટસના વર્તમાન પ્રમોટર અને પ્રમોટરના જૂથ પાસેથી ૬૫,૪૮,૯૩૫ ઈક્વિટી શેર્સ પ્રતિ શેર રૂા.૧૧૩.૦૦ની એકંદર કિંમતે કુલ રૂ. ૭૪ કરોડમાં હસ્તગત કરશે, જે લોટસની પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીના ૫૧% થાય છે. RCPL અને લોટસની અમુક પ્રમોટર ગ્રૂપ એન્ટિટીઝ રૂા.૧૦ની ફેસવેલ્યૂના ૫,૦૭,૯૩,૨૦૦ નોન-ક્યુમ્યુલેટિવ રિડીમેબલ પ્રેફરન્સ શેર તે જ કિંમતે સબ્સ્ક્રાઈબ કરશે. પક્ષકારોએ અમુક આંતરીક અધિકારો અને જવાબદારીઓને સંચાલિત કરતા શેરહોલ્ડર સાથેની સમજૂતીને પણ અમલમાં મૂકી છે.

RCPL લોટસના પબ્લિક શેરહોલ્ડર્સને સેબીના ટેકઓવરના નીતિનિયમો અનુસાર લોટસની ઈક્વિટી શેર મૂડીના ૨૬.૦૦% જેટલા૩૩,૩૮,૬૭૩ ઈક્વિટી શેરો હસ્તગત કરવા માટે પબ્લિક અનાઉન્સમેન્ટ કરશે.






RCPL દ્વારા રોકવામાં આવનારી મૂડી અત્યાધુનિક ઉત્પાદન, શ્રેષ્ઠ કક્ષાની ઉત્પાદન પ્રક્રિયાઓ, માનવસંસાધન અને ઔદ્યોગિક તથા ગ્રાહક બજારના ક્ષેત્રમાં કોમ્પ્રિહેન્સિવ કન્ફેકશનરી, કોકો, ચોકલેટ ડેરિવેટિવ્ઝ અને સંબંધિત ઉત્પાદનોના ઉત્પાદનમાં લોટસના વિકાસ અને વિસ્તરણને આગળ વધારવામાં મદદ કરશે.

આ વ્યવહાર અંગે બોલતાં રિલાન્યસ રિટેલ વેન્ચર્સ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર કુ.ઈશા અંબાણીએ કહ્યું કે, “રિલાયન્સ લોટસ સાથે સહભાગિતા કરવા માટે ઉત્સાહિત છે જેમણે કુશળ વ્યવસાયી સૂઝબૂઝ અને દ્રઢતા થકી મજબૂત કોકો અને ચોકલેટ ડેરિવેટિવ્ઝબિઝનેસબનાવ્યો છે. પોસાય તેવા ભાવે વ્યાપક ગ્રાહકોને સેવા આપવા માટે, સ્વદેશી રીતે વિકસિત દૈનિક ઉપયોગની ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનોને વધુ પ્રોત્સાહન આપવાની અમારી પ્રતિબદ્ધતાને લોટસમાં કરેલું રોકાણ રેખાંકિત કરે છે. અમે લોટસની અત્યંત અનુભવી મેનેજમેન્ટ ટીમ સાથે કામ કરવા આતુર છીએ કારણ કે અમે બિઝનેસને વધુ વિસ્તારીશું અને તેના વિકાસના આગામી તબક્કાને આગળ ધપાવીશું.”

લોટસના સ્થાપક અને પ્રમોટર શ્રી અભિજિત પાઈએ જણાવ્યું કે, “અમને રિલાયન્સ સાથેની આ ભાગીદારીમાં પ્રવેશ કરવામાં આનંદ અનુભવાય છે. અમારી પાસે સર્વશ્રેષ્ઠ ઉત્પાદન ક્ષમતાઓ અને પ્રતિભા થકી તમામ ક્ષેત્રના ગ્રાહકોનાસમૂહમાં ’વર્લ્ડ કલાસ કન્ફેકશનરી પ્રોડક્ટ્સ બિઝનેસ’ બનાવવાનું વિઝન છે. રિલાયન્સ સાથેની અમારી વ્યૂહાત્મક ભાગીદારી આ રોકાણ થકી અમારા આ વિઝનનેવધુ સક્ષમ બનાવશેઅને લોટસના પરિવર્તનને વેગ આપશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ચીનથી વેપાર ખાદ્ય ઘટાડવા ઉદ્યોગ ક્ષેત્રની કમજોરી દુર કરવી પડશે


વાણિજય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે તાજેતરમાં રાજ્યસભામાં કહ્યું કે ચીન સાથે વેપાર ખાદ્ય ભારત માટે પડકાર છે. તેમણે કહ્યું કે નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫માં ભારત અને ચીન વચ્ચે ૧.૪૮ અબજ ડોલરની વેપાર ખાધ હતી, પરંતુ ૨૦૧૩-૧૪માં તે વધીને ૩૬.૨૧ અબજ ડોલર સુધી પહોંચી ગઈ. આ પ્રકારે તેમાં લગભગ ૨૩૪૬ ટકાનો વધારો થયો. આ વર્ષોમાં ચીનથી આયાત પણ વધીને દસ ગણાથી વધુ થઈ ગઈ. સ્થિતિ એ રહી કે આ વર્ષોમાં આખો દેશ ચીનમાં નિર્મિત નિમ્ન સ્તરનાં ઉત્પાદનોથી ભરાઈ ગયો અને ભારત સતત ચીની સામાનો ઉપર નિર્ભર થતું ગયું. જોકે છેલ્લા કેટલાક વર્ષોમાં ચીનથી આયાત અને વેપાર ખાદ્ય ઘટાડવા માટે સતત પ્રયાસ કરવામાં આવ્યા છે, પરંતુ તે અપૂરતા સાબિત થયા છે. ૨૦૨૦-૨૧ દરમ્યાન ભારત અને ચીન વચ્ચે ૪૪.૩૩ અબજ ડોલરની વેપાર ખાધ હતી, તે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન વધીને ૭૩.૩૧ અબજ ડોલર પર પહોંચી ગઈ. સીમા પર તણાવ છતાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય કારોબારમાં ૪૩.૩ ટકાનો વધારો થયો છે.

૨૦૧૪-૧૫થી સ્વદેશી ઉત્પાદનોને હરસંભવ રીતે પ્રોત્સાહિત કરીને ચીનથી આયાત કરવાના પ્રયાસ થઈ રહ્યા છે તે ઉલ્લેખનીય છે. આ કડીમાં ૨૦૧૯ અને ૨૦૨૦માં ચીન સાથે તણાવને કારણે ભારત પ્રત્યે ચીનની આક્રમકતા અને વિસ્તારવાદી નીતિ સામે આવ્યા બાદથી સ્થાનિક ઉત્પાદનોના ઉપયોગની લહેર દેશભરમાં વધતી દેખાય છે. દેશભરમાં ચીની સામાનના જોરદાર બહિષ્કાર અને સરકાર દ્વારા ટિકટોક સહિત કેટલીય ચીની એપ્સ ઉપર પ્રતિબંધ, ચીની સામાનોની આયાત ઉપર નિયંત્રણ માટે કેટલાય સામાનો ઉપર શુલ્ક વધારો, સરકારી વિભાગોમાં ચીની ઉત્પાદનોની જગ્યાએ યથાસંભવ સ્થાનિક ઉત્પાદનોના ઉપયોગની પ્રવૃત્તિને સતત પ્રોત્સાહન આપવાથી ચીનના સામાનોની ભારતમાં માંગમાં તુલનાત્મક ઘટાડો દેખાયો છે. વડાપ્રધાન મોદી દ્વારા વારંવાર સ્થાનિક અર્થવ્યવસ્થાનું સમર્થન કરવા અને વોકલ ફોર લોકલ અભિયાનના પ્રસારે પણ દિવાળી અને અન્ય તહેવારો પર સ્થાનિક ઉત્પાદનોની ખરીદી પહેલાંની તુલનામાં વધુ સમર્થન મળતું દેખાયું છે, છતાં ચીનથી તહેવારોના ઉત્પાદનોની ભારતમાં આયાત વધી જ છે. પરિણામે સપ્ટેમ્બરથી નવેમ્બર ૨૦૨૨ના તહેવારી મહિનાઓમાં દેશના બજારોમાં ચીનનું પ્રભુત્વ દેખાયું છે. વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના આંકડા અનુસાર આ વર્ષે ઓગસ્ટમાં ચીનથી એલઈડી લાઈટ અને લેમ્પની ૭૨ લાખ ડોલરની કિંમતની આયાત કરવામાં આવી જ્યારે ગયા વર્ષે ઓગસ્ટમાં તે આંકડો લગભગ ૪૨ લાખ ડોલર જ હતો. આ વર્ષે ઓગસ્ટમાં ચીનથી ૧૯.૭ લાખ ડોલરની ગિફ્ટ આઈટમો આયાત કરવામાં આવી, જ્યારે ગયા વર્ષે ઓગસ્ટમાં ચીનથી ૮૧ હજાર ડોલરની ગિફ્ટ આઈટમો આયાત કરાઈ હતી. ધંધાદારીઓનાં જણાવ્યા અનુસાર વધુ કિંમત ચૂકવવામાં સક્ષમ મધ્યમ વર્ગના લોકો સ્થાનિક સ્વદેશી ચીજોને પ્રાથમિકતા આપે છે, પરંતુ ગરીબ વર્ગ સસ્તી ચીની ચીજો પસંદ કરે છે. તેનાથી સાફ છે કે તહેવારી ખરીદીમાં ચીનના વર્ચસ્વને તોડવાનો પડકાર જેવો-તેવો નથી. આ દરમ્યાન આત્મનિર્ભર ભારત અભિયાનમાં મેન્યુફેક્ચરિંગ અંતર્ગત ૨૪ સેક્ટરોને પ્રાથમિકતા સાથે ઝડપથી આગળ વધારવામાં આવે છે. ચીનથી આયાત કરાતા રસાયણ અને અન્ય કાચા માલનો વિકલ્પ તૈયાર કરવા માટે પાછલા બે વર્ષમાં સરકારે ઉત્પાદન આધારિત પ્રોત્સાહન (પીએલઆઈ) સ્કીમ અંતર્ગત ૧૪ ઉદ્યોગોને લગભગ બે લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે. દેશના કેટલાક ઉત્પાદકો ચીનના કાચા માલનો વિકલ્પ ઊભો કરવામાં સફળ પણ થયા છે. વાણિજ્ય મંત્રાલયના આંકડા અનુસાર પીએલઆઈ સ્કીમની સફળતાને કારણે જ આ વર્ષે એપ્રિલ-ઓગસ્ટ દરમ્યાન ફાર્મા ઉત્પાદનોની આયાતમાં પાછલા વર્ષની સમાન અવધિની તુલનામાં ૪૦ ટકાનો ઘટાડો આવ્યો છે અને નિકાસમાં ૩.૪૭ ટકાનો વધારો થયો છે. પહેલાં દેશમાં લગભગ તમામ સ્માર્ટફોન ચીનથી મંગાવાતા હતા, કારણ કે મોબાઈલ હેન્ડસેટના માત્ર બે પ્લાન્ટ હતા, પરંતુ હવે દેશમાં ૨૦૦ કંપનીઓ મોબાઈલ હેન્ડસેટ બનાવે છે.

ચીન સાથે વેપાર ખાધ દેશનો સૌથી મોટો આર્થિક પડકાર છે. ખાસ કરીને એવા સમયે જ્યારે ચીન સીમા પર આક્રમકતા દેખાડી રહ્યું છે. એવામાં આપણે રણનીતિક રૂપે આગળ વધીને ચીનથી વધતી આયાત અને વેપાર ખાદ્યના પરિઉદેશ્યને ઘણી હદે બદલી શકીએ છીએ. સ્થાનિક બજારોમાં ચીની ઉત્પાદનોને ટક્કર આપવા અને ચીનથી વેપાર ખાધ ઘટાડવા માટે આપણે ઉદ્યોગ-કારોબાર ક્ષેત્રની કમજોરીઓને દૂર કરવી પડશે. ભારતે ઈલેક્ટ્રોનિક અને કેમિકલ મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓ વધારવી પડશે. દેશના જાહેર ઉપક્રમોમાં પણ મેન્યુફેક્ચરિંગને ઉત્તેજન આપવું પડશે. આપણે દેશમાં મેક ઈન ઈન્ડિયા અભિયાનને આગળવધારીને લોકલ પ્રોડક્ટને ગ્લોબલ બનાવી શકીએછીએ. સરકારે સ્વદેશી ઉત્પાદનોને ચીની ઉત્પાદનો સાથે પ્રતિસ્પર્ધી બનાવવા માટે કેટલાક સૂક્ષ્મ આર્થિક સુધારા લાગુ કરવાની સાથે ઉદ્યમશીલતાને ઉત્તેજન આપવું પડશે. તેનાથી વધુ કારોબારીઓ આવશે અને તેઓ આયાતી ચીની ચીજો, કાચા માલના સ્થાનિક વિકલ્પો પ્રસ્તુત કરશે. આશા રાખીએ કે ભારત દ્વારા ૨૦૨૩માં જી-૨૦ની અધ્યક્ષતા વચ્ચે એવા રણનીતિક પ્રયાસો કરવામાં આવશે, જેનાથી ભારત દુનિયાનાં નવા પૂરવઠા કેન્દ્ર અને મેન્યુફેક્ચરિંગ હબ બનવાની ડગર ઉપર ઝડપથી આગળ વધશે. એવું થશે તો જ ચીન ઉપર આપણી નિર્ભરતા ઓછી થઈ શકશે.

# રતન ટાટા કેમ દુનિયાના બધા ઉદ્યોગપતિઓ કરતા અલગ છે ? જાણો રોચક કહાની





રતન ટાટા નામ સાંભળતા જ વિશ્વના સૌથી મોટા ઉદ્યોગપતિઓની યાદી નજર સમક્ષ આવી જાય. જેમાં ઉદ્યોગ જગતનું ગૌરવ ગણાતા રતન ટાટા હંમેશા જોવા મળે છે. ત્યારે તેમના જન્મ દિવસ પર જાણો કેટલીક એવી વાતો જે સામાન્ય લોકો માટે પ્રેરણારૂપ છે. ટાટા ગ્રુપના ભૂતપૂર્વ ચેરમેન રતન ટાટા દેશના સૌથી મોટા ઉદ્યોગપતિઓમાંનાએક છે. ૨૮ ડિસેમ્બર ૧૯૩૭ના મુંબઈમાં થયો હતો. આજે રતન ટાટાનો ૮૫મો જન્મ દિવસ છે. રતન ટાટા તેમની સાદગી અને નમ્રતા માટેજાણીતા છે. ભારતના સૌથી મોટા દાતાઓમાં રતન ટાટાનું નામ પણ સામેલ છે. સાદગીમાં જીવ્યા પછી પણ રતન ટાટાને કેટલીક વસ્તુઓ ખૂબ જ પસંદ છે જેની કિંમત કરોડોમાં છે.

### વિશ્વમાં ભારતનો વગાડ્યો ડંકો

રતન ટાટા નવલ ટાટાના પુત્ર છે જેમને નવજાબાઈ ટાટાએ તેમના પતિ રતનજી ટાટાના મૃત્યુ પછી દત્તક લીધા હતા. રતન ટાટાએ તેમનું પ્રારંભિક શિક્ષણ મુંબઈની કેમ્પિયન સ્કૂલમાંથી મેળવ્યું હતું અને કેથેડ્રલમાંથી જ માધ્યમિક શિક્ષણ મેળવ્યું હતું. ત્યાર બાદ તેમણે જોન કેનન કોલેજમાંથી આર્કિટેક્ચરમાં સ્જીઝની ડિગ્રી મેળવી. ત્યાર બાદ ૧૯૬૨માં કોર્નેલ યુનિવર્સિટીમાંથી કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ અને ૧૯૭૫માં હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાંથી એડવાન્સ મેનેજમેન્ટ પ્રોગ્રામ કરી ડિગ્રી મેળવી હતી.

### ટાટા ગ્રુપની બદલી કિસ્મત

રતન ટાટા ૧૯૯૧થી ૨૦૧૨ સુદી ટાટા ગ્રુપના ચેરમેન પદે રહ્યા હતા. ૨૮ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ તેમણે ટાટા જૂથનું અધ્યક્ષ પદ છોડી દીધું હતું. પરંતુ તેઓ હજુ પણ ટાટા જૂથના ચેરિટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ છે. તેમના કાર્યકાળ દરમ્યાન ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, ટાટા પાવર, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, ટાટા ટી, ટાટા કેમિકલ્સ, ઈન્ડિયન હોટેલ્સ અને ટાટા ટેલિસર્વિસિસ જેવી તમામ મોટી ટાટા જૂથ કંપનીઓના ચેરમેન પણ હતા. જેનું સફળ નેતૃત્વ કરી તેમણે ટાટા જૂથે નવી ઊંચાઈ સુધી પહોંચાડ્યું.

### પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણથી સન્માન

ટાટા સન્સના ભૂતપૂર્વ ચેરમેન રતન ટાટાને ૨૦૦૮માં પદ્મ વિભૂષણ અને ૨૦૦૦માં પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. રતન ટાટા તેમની અધ્યક્ષતામાં ટાટા જૂથને નવી ઊંચાઈઓ પર લઈ જવામાં સફળ રહ્યા હતા. આંકડા મુજબ તેમના નેતૃત્વમાં ટાટા જૂથની આવકમાં ૪૦ ગણાથી વધુ અને નફામાં ૫૦ ગણાથી વધુનો વધારો નોંધાયો હતો.

### સૌથી મોટા દાતા મનાય છે રતન ટાટા

રતન ટાટાનો પરિવાર સામાજિક અને ધાર્મિક કાર્યોમાં હંમેશા આગળ રહ્યો છે. રતન ટાટા હંમેશા ગરીબ અને જરૂરિયાતમંદોની મદદ કરવા તત્પર રહ્યા છે તેમણે વૈશ્વિક મહામારી કોરોનાના કપરા કાળમાં પણ પીએમ કેર ફંડમાં ૫૦૦ કરોડની જંગી રકમ દાનમાં આપી હતી. આ સિવા પણ અનેક સામાજિક કાર્યોમાં તેઓ સક્રિય રહ્યા છે.

### જીવન સાદુ પણ શોખ મોંઘા

રતન ટાટાનું મુંબઈના કોલાબામાં લક્ઝરી હાઉસ છે. રતનટાટાનું આ ઘર ૧૪,૦૦૦ સ્કવેર ફૂટમાં ફેલાયેલું છે. આ આલીશાન ઘરની કિંમત લગભગ ૧૫૦ કરોડ રૂપિયા છે. જેમાં અનેક રૂમ, જિમ, સ્વિમિંગ પૂલ, સન ડેક, બાર, લાઉન્જ સહિતની તમામ સુવિધાઓ છે.તો રતન ટાટા પાસે ૨૨૪ કરોડનો ફ્રાન્સના એન્જિનિયરોએ બનાવેલ ડસોલ્ટ ફાલ્કન ૨૦૦૦ પ્રાઈવેટ જેટ છે. એટલું જ નહીં પણ રતન ટાટા પાસે તેમના પ્રસિદ્ધ સંગ્રહમાં ટોપ-સ્પીડ, કન્વર્ટિબલ, લાલ ફેરારી કેલિફોર્નિયા જેવી મોંઘી કાર પણ છે. આ ફેરારી કેલિફોર્નિયાની કિંમત લગભગ ૩.૪૫ કરોડ રૂપિયા છે.

# શિયાળામાં કેમ વધી રહ્યાં છે હૃદયરોગના કેસ, જાણો એક્સપર્ટ શું આપ્યાં કારણો ? બચાવ માટે કરો આટલું



શિયાળાની ઋતુ ચાલી રહી છે. આપણે શિયાળાની ઋતુમાં હૃદયરોગના કિસ્સાઓમાં વધારો થતો સાંભળતા હોઈએ છીએ. એક અભ્યાસ મુજબ શિયાળાની ઋતુમાં હૃદયરોગના કિસ્સાઓ વધતા હોય છે. સાથે જ હોસ્પિટલમાં પણ ૩૦ ટકા જેટલા કેસોમાં વધારો નોંધાતો હોય છે. શું સંબંધ છે શિયાળા સાથે હૃદયરોગને. આ વિશે અમારા સંવાદદાતા એ અમદાવાદમાં આવેલી એપોલો હોસ્પિટલનાં જાણીતા કાર્ડીઓલોજિસ્ટ ડોક્ટર શરદ જૈન સાથે કરી ખાસ વાતચીત

શિયાળામાં હૃદયરોગ વધવાના કારણો : ડોક્ટર શરદે આ વિશેના કારણો અંગે વાત કરતા કહ્યું કે, હૃદયરોગ પાછળ જુદા જુદા કારણો હોય છે. જ્યારે તાપમાન ૨૫ ડિગ્રી કરતાં નીચે જતું હોય ત્યારે ખાસ સાવચેત રહેવું જોઈએ. તાપમાન ૨૫ ડિગ્રી કરતાં નીચે જાય એટલે બોડીનું મેસલ મેટાબોલિકીએટ વધી જતું હોય છે, તને જાળવી રાખવા માટે હૃદયને વધારે લોહી પંપ કરવું પડતુંહોય છે, પરિણામ સ્વરૂપે હૃદય ઉપર બમણી તાકાત લાગતી હોય છે. આ સિવાય ઠંડીને કારણે શરીરની નસો સંકોચાઈ જતી હોય છે. નસો સંકોચાઈ જતા બ્લડપ્રેશર વધી જાય તેવું બનતું હોય છે જેના કારણે હૃદય ઉપર દબાણ વધતું હોય છે અને પ્લે ક્રપ્ચર થતું હોય છે. શિયાળામાં વાયુ પ્રદુષણ વધતું હોય છે, જેના કારણે ઈન્ફેક્શન, એલર્જી અને ન્યુમોનિયાના કેસ વધતા હોય છે, જેના કારણે હૃદય ઉપર દબાણ વધતું હોય છે. કેટલાક કિસ્સામાં વિટામિન ડીની પણ ઉણપ થતી હોય છે. શિયાળાની ઋતુમાં ઘણીવાર લાડુ ઘી લોકો વધુ ખાતા હોય છે, પરંતુ આનાથી કોલેસ્ટ્રોલ શરીરમાં વધતો હોય છે, જેના કારણે હૃદયરોગ થઈ શકેછે. કેટલાક કિસ્સાઓમાં હોર્મોનલ ચેન્જીસ થતા હૃદયરોગની સમસ્યા થતી હોય છે.

હૃદયની સમસ્યા હોય અથવા હૃદયરોગથી બચવાના ઉપાયઃ જેમને પહેલેથી જ હૃદયની બીમારી હોય, તેવા વ્યક્તિઓએ બ્લડપ્રેશર અથવા ડાયાબિટીસ હોય તો સમયાંતરે દવા લેતા રહેવું જોઈએ. શિયાળો શરૂ થાય તેની પહેલા બોડી ચેકઅપ કરાવી લેવું હિતાવહ છે, જેના કારણે કોઈ સમસ્યા હોય તો ખ્યાલ આવી શકે છે. દવા રેગ્યુલર લેતા હોઈએ તો આઉટડોર પ્રેક્ટિસ થોડી ટાળવી કરવી જોઈએ, શિયાળામાં ઈન્ડોર પ્રેક્ટિસ કરવી હિતાવહ છે. સંપૂર્ણ શરીર ઢંકાઈ શકે એ રીતે ગરમ કપડાનો ઉપયોગ કરવો જોઈએ. જે કસરત કરી ન શકતા હોઈએ અથવા રોજિંદી પ્રેક્ટિસમાં કરતા ન હોઈએ એવી કસરતોથી બચવું જોઈએ. જો કોઈ દારૂનું સેવન કરતું હોય તો તેણે વધારે પડતા દારૂના સેવનથી બચવું જોઈએ. અમુક કિસ્સાઓમાં શિયાળામાં ફ્લૂ વેક્સિન લેવી પણ હિતાવહ હોય છે, જેનાથી ન્યુમોનિયાથી બચી શકાય છે અને તેનાથી હૃદય સંબંધિત સમસ્યાઓ થતી નથી. આ સિવાય ડોક્ટર શરદ જૈને જણાવ્યું કે, શિયાળામાં ફિટ રહેવા માટે કેટલાક યુવાનો જીમમાં જતા હોય છે. પરંતુ શિયાળાની સિઝન હોય ત્યારે જીમમાં જતા પહેલા કેટલાક રિપોર્ટ ફરજિયાત કરાવી લેવા જોઈએ. હાઈપર ટ્રોપીક ડીસીસ કેટલીક વાર લોકોને તેના વિશે જાણ નથી હોતી. પરંતુ રિપોર્ટ કઢાવવાથી માહિતી મળી જતી હોય છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

બીજાની બુરાઈ કરવાનું છોડી દો,
બધાય તમારા વશમાં થઈ જશે.

- અજ્ઞાત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.અમરદાદ-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, પોષ સુદ-૯ શ્રી હરિ જયંતિ, પંચક તા.૩૧ ડિસેમ્બર ૨૦૨૨, શુક્રવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૭, રેવતી નક્ષત્ર, પરિઘ યોગ, તૈતિત કરણ, સૂ.ઉ.૭:૩૩, સૂ.અ.૬:૧૫

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), સવારે ૧૧:૪૭ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આયોજનમાં સફળતા મળે.
વૃષભ: શેર-સટ્ટા વગેરેથી દૂર રહેવું હિતાવહ. નોકરી-વ્યવસાયમાં સફળતા.
મિથુનઃ મિલન-મુલાકાતમાં વિઘ્ન આવે. મનમાં અશાંતિ અનુભવાય.
કર્ક : અગત્યના કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
સિંહ: પ્રવાસ-મુસાફરી આનંદદાયક રહે. ધીરજના ફળ મીઠા મળે.
કન્યા: પ્રવાસમાં વિઘ્ન આવે. પારિવારીક મતભેદ સર્જાવવાની સંભાવના.
તુલા : સમાધાનકારી વલણ અપનાવવું. સાહસિક કાર્યથી દૂર રહેવું.
વૃશ્ચિક : નવિન તક ઉન્નતિ તરફ લઈ જાય. મનમાં પ્રફુલિતતા અનુભવાય.
ધન : વ્યર્થ ક્રોધ અનુભવાય. મનમાં મૂંઝવણ રહે.
મકર : નાણાંભીડનો અનુભવ થાય. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કુંભ : પડવા-વાગવાથી સંભાળવું. વિલંબથી કાર્ય સફળતા.
મીન : જીવસાથીથી વાણી ઘર્ષણ થાય. કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે.

# તમે પણ આ ભૂલો નથી કરતા ને ! હેલ્મેટ પહેરવાની અને સુરક્ષિત રહેવાની આ છે સાચી રીત




જ્યારે પણ તમે તમારા ટુ વ્હીલર સાથે ઘરની બહાર નીકળો ત્યારે સૌથી પહેલા હેલ્મેટ બરાબર પહેરો. પોલીસથી બચવા માટે ઘણા લોકો માથા ઉપર જ હેલ્મેટ રાખે છે. જે તદ્દન ખોટી રીત છે. રોજીંદી મુસાફરી માટે નજીકમાં આવવા જવામાં બાઈક અથવા સ્કૂટર ખૂબ ઉપયોગી છે, આ વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું ફરજિયાત છે. પરંતુ શું તમે હેલ્મેટ પહેરવાની સાચી રીત જાણો છો? તમે વિચારતા હશો કે હેલ્મેટ પહેરવામાં વળી શું કળા ? આ ખૂબ જ સરળ છે. પરંતુ એવું નથી. કારણ કે જો તમે યોગ્ય રીતે હેલ્મેટ ન પહેર્યું હોય તો તમારું ચલણ પણ કપાઈ શકે છે અને સુરક્ષામાં સવાલો ઉભા થઈ શકે છે. ચાલો જાણીએ હેલ્મેટ પહેરવાની શ્રેષ્ઠ રીત કઈ છે. અમે તમને હેલ્મેટ સંબંધિત સાચી અને મહત્વપૂર્ણ માહિતી આપવા જઈ રહ્યા છીએ. ટુ-વ્હીલર ચલાવતા મોટાભાગના લોકો હેલ્મેટ પહેરવાની સાચી રીતથી પણ અજાણ હોય છે. ખોટી રીતે હેલ્મેટ પહેરવાથી ન તો તે યોગ્ય સુરક્ષા પ્રદાન કરી શકે છે તેમજ જો પોલીસ દ્વારા પકડાય તો તે ચલણમાં પણ પરિણમે છે. ઉતાવળમાં અથવા અજાણતા પરંતુ ખોટી રીતે હેલ્મેટ પહેરવાનું ટાળવું જોઈએ. ઉપરાંત હેલ્મેટ પહેરતી વખતે ઉતાવળ ન કરો.

### સ્ટ્રીપ લગાવવામાં બેદરકારી ન રાખો

ઘણી વખત લોકો માથા ઉપર હેલ્મેટ પહેરીને ઉતાવળમાં ઘરની બહાર નીકળે છે, તે ખૂબ જોખમી છે. સુરક્ષાના મામલામાં બેદરકારી ટાળવી જોઈએ. યોગ્ય હેલ્મેટ પહેરવાની સાથે, તમારે સ્ટ્રીપને પણ યોગ્ય રીતે બંધ કરવી જોઈએ અને ધ્યાનમાં રાખો કે સ્ટ્રીપ નાની કે મોટી ન હોવી જોઈએ પરંતુ ફિટ હોવી જોઈએ. આનાથી તમે માત્ર ચલણથી બચી જશો પરંતુ સુરક્ષિત પણ રહેશો.

### નાની ભૂલો ભારે હોઈ શકે છે

માથા ઉપર હેલ્મેટ પહેરીને ચાલવું નુક્સાન કરાવશે. એટલા માટે સુરક્ષાની ઉપેક્ષા ન કરવી જોઈએ. સ્ટ્રીપની વાત કરીએ તો એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે સ્ટ્રીપ નાની કે મોટી ન હોવી જોઈએ. તે સંપૂર્ણ રીતે ફિટ થવું જોઈએ. કારણ કે ક્યારેક ઉતાવળમાં નાની ભૂલો ભારે પડી શકે છે. જો પોલીસ તમને આ રીતે જુએ છે તો તેઓ દંડ ફટકારી શકે છે. અકસ્માત વખતે પણ હેલ્મેટ દૂર પડી જવાથી માથામાં ઈજા થવાની શક્યતા રહે છે.



શ્વાસ લેવા શુધ્ધ હવા પણ નથી મળતી ત્યારે શુધ્ધ ભોજનની કયાં આશા રાખવી !



લોકસભાની ચુંટણીની વાતો સાંભળીને તારૂ વજન ઘટવા લાગ્યું !

# રાજ્યમાં ઓક્સિજનનો જથ્થો પર્યાપ્ત છે કે નહીં, તેની ચકાસણી કરવા નિર્દેશો

ગાંધીનગર, તા.૩૧

સમગ્ર વિશ્વમાં વધી રહેલા કોરોનાના કેસોને લઈને ભારત સરકાર એલર્ટ થઈ ગઈ છે. જેને લઈને કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને એક એડવાઈઝરી મોકલી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, તમામ હોસ્પિટલોમાં ઓકસીજનની સુવિધા પર્યાપ્ત માત્રામાં છે કે નહીં તેની ચકાસણી કરી લે. કેન્દ્ર સરકાર કોરોના મામલે સતત સમીક્ષા કરી રહી છે. સરકારે ચીન, થાઈલેન્ડ, દક્ષિણ કોરિયા, ઈન્ડોનેશિયા અને જાપાનથી આવનારા યાત્રિઓ માટે **RTPCR** ટેસ્ટ ફરજિયાત કરી દીધો છે. કેન્દ્ર સરકારની નવી ગાઈલાઈન પ્રમાણે ગુજરાતમાં અમદાવાદ અને સુરત એરપોર્ટ ખાતે વિદેશીથી આવતા પ્રવાસીઓ માટે **RTPCR** ટેસ્ટ ફરજિયાત કરવાનું શરૂ કરી દેવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત કોરોનાની ત્રણ લહેરોમાંથી પસાર થઈ ચૂક્યું છે. ગત વર્ષે આવેલી બીજી લહેરમાં હોસ્પિટલોની હાલત ખરાબ થઈ ગઈ હતી. દિલ્હી સહિત દેશના મોટાભાગના શહેરોમાં ઓકિસજનની અછતને લીધે આરોગ્ય સેવાઓની કમર તોડી



નાંખી હતી. નવી એડવાઈઝરીમાં કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે કહ્યું હતું કે, તમામ રાજ્યોએ ઓક્સિજનની માત્રા કેટલી છે તે ચોક્કસ પણે ચકાસી લેવું જોઈએ. તે ઉપરાંત પ્રેશર સ્વિંગ એડ્સોર્પ્શનને તૈયાર રાખે. તેમણે કહ્યું હતું કે, દેશમાં હાલ કોરોનાના કેસો ઓછા છે. જેમાં કોઈ વધારો નથી થયો. આરોગ્ય સચિવના જણાવ્યા મુજબ મહામારી વચ્ચે સરકારનું એવું કહેવું છે કે તમામ રાજયો ઓક્સીજન કોન્સેન્ટ્રેટર, ઓક્સીજન સિલેન્ડર અને તેના ઈન્ફાસ્ટ્રક્ટરને તૈયાર રાખે. આ દરમ્યાન એ બાબતનો ખ્યાલ રાખવામાં આવે કે તે વધુ મોંઘા ના હોય. રાજ્યોએ મોકડ્રિલ કરવી જોઈએ. સ્ટાફના મુદ્દાને સરળતાથી સુલજાવવો જોઈએ. તેમજ લાઈફ સપોર્ટ સિસ્ટમને પ્રાથમિકતા આપવી જોઈએ. સરકારે અગાઉ એવું પણ કહ્યું હતું કે નાતાલ અને નવા વર્ષની ઉજવણી દરમ્યાન કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવામાં આવે. કેન્દ્ર સરકારે માસ્કને હાલમાં ફરજિયાત નથી કર્યા. પરંતુ સરકારે એવું કહ્યું છે કે લોકોએ માસ્ક ફરજિયાત પહેરવું જોઈએ. વિશ્વના દેશોમાં કોરોનાને લઈને ભારતની સ્થિતિ વધુ સારી છે. ભારતમાં અમેરિકા બાદ સૌથી ઓછા કેસ નોંધાઈ રહ્યાં છે. જ્યારે ચીનમાં ઓમિક્રોન બીએફ-૭વેરિયન્ટે હાહાકાર મચાવી દીધો છે. ચીનમાં કોરોનાથી હાલત એટલી ખરાબ થઈ ચુકી છે કે, હોસ્પિટલમાં બેડ, દવા અને આઈસીયૂની ભારે કમી સર્જાઈ છે, જ્યારે શ્મશાન ઘાટ ઉપર પણ ભારે ભીડ થઈ છે. આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે કેન્દ્ર પાસે વેક્સિનનો નવો જથ્થો માંગ્યો છે. ૧૨ લાખ જેટલા વેક્સિનના ડોઝ મંગાવી લેવાયા છે. સરકાર દ્વારા ફરીવાર પ્રિકોશન ડોઝની ડ્રાઈવ શરૂ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, રાજયમાં વેક્સિનનો જથ્થો ઓછી સંખ્યામાં બગડ્યો છે. સામાન્ય રીતે કહીએ તો પુરેપુરા જથ્થાનો રાજ્યમાં વપરાશ કરવામાં આવ્યો છે. વેક્સિનના જથ્થાને એક્સપાયરી પહેલાં જ જ્યાં જરૂર હોય ત્યાં મોકલી દેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે કેન્દ્ર પાસે કોવિશિલ્ડ અને કોવેક્સિન વેક્સિનનો જથ્થો મંગાવ્યો છે.

# ભારતીય કફ સિરપથી મૃત્યુંના આરોપોથી ભારતીય ફાર્મા ક્ષેત્રની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડી શકે છે

નવી દિલ્હી તા.૩૧

ઉઝબેકિસ્તાને એવો આક્ષેપ કર્યો છે કે, ભારતીય ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા ઉત્પાદિત કફ સિરપનો ઉપયોગ કરવાથી દેશમાં અનેક બાળકોનાં મોત થયા છે. દેશના સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, નોઈડા સ્થિત મેરિયન બાયોટેક દ્વારા ઉત્પાદિત એન્ટી-કોલ્ડ ડ્રગ ડોક-૧ મેક્સને લીધે ૧૮ જેટલા બાળકોનાં મોત થયા છે. ઉઝબેકિસ્તાનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે કે, ડોક-૧ મેક્સના એકત્રિત નમૂનાઓમાં ઈથિલિન ગ્લાયકોલની હાજરીનું સકારાત્મક પરીક્ષણ કરવામાં આવ્યું છે. ઈથિલિન ગ્લાયકોલ એ એક ઔદ્યોગિક રસાયણ છે જેનો ઉપયોગ એન્ટિફ્રીઝ ફોર્મ્યુલેશનમાં થાય છે અને તે ઔષધીય વપરાશ માટે યોગ્ય નથી. નોંધનીય છે કે, ઈથિલિન ગ્લાયકોલ અન્ય ભારતીય દવા કંપની દ્વારા બનાવવામાં આવેલી બહુવિધ કફ સિરપમાં પણ જોવા મળ્યું હતું જે આ વર્ષની શરૂઆતમાં ગામ્બિયામાં ૭૦ બાળકોના મૃત્યુનું કારણ બન્યું હતું. ગામ્બિયામાં બનેલી દુઃખદ ઘટના બાદ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન **(WHO)**એ ભારતના મેઈડન ફાર્માસ્યુટિકલ્સ દ્વારા ઉત્પાદિત કફ સિરપ અંગે ભારતીય અધિકારીઓને તેમની શંકા વ્યક્ત કરી હતી. ત્યારબાદ, ભારતની સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન **(CDSCO)** ભારતીય ફાર્મા ફર્મની ઉત્પાદન પદ્ધતિઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. જો કે, આ મહિનાની શરૂઆતમાં ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા **(DCGI)**એ **WHO**ને પત્ર લખીને જણાવ્યું હતું કે મેડન ફાર્માના સોનીપત પ્લાન્ટમાં તેઓએ જે દવાના નમૂનાઓનું પરીક્ષણ કર્યું હતું તે દૂષિત નથી. તેમ છતાં ઘણી ભારતીય ફાર્મા કંપનીઓની મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસ ઉપર એક મોટું પ્રશ્નાર્થ ચિહ્ન આવી રહ્યું છે.

જો ભારતમાં ફાર્માસ્યુટિકલ સેક્ટરની સ્થિતિ ઉપર નજર કરવામાં આવે તો આવી ઘટનાઓથી મોટી અસરો થઈ શકે છે. આ વર્ષની શરૂઆતમાં ફાર્મા ક્ષેત્રની આંતરરાષ્ટ્રીય પરિષદ દરમ્યાન ભારતીય અધિકારીઓએ જાહેરાત કરી હતી કે દેશ ફાર્માસ્યુટિકલ્સમાં વૈશ્વિક નેતા બનવા માટે પ્રતિબદ્ધ છે. મેકઈન ઈન્ડિયા વિઝનમાં ડ્રગ સેકટર મહત્ત્વપૂર્ણ છે. ભારતીય ફાર્માસ્યુટિકલ સેક્ટરનું મૂલ્ય હાલમાં લગભગ **$50** બિલિયન છે. ઉત્પાદનની દૃષ્ટિએ તે વિશ્વનો ત્રીજો સૌથી મોટો ફાર્મા ઉદ્યોગ છે. મહત્ત્વનું છે કે, ભારતીય ફાર્મા કંપનીઓ વિશ્વના ૨૦૦થી વધુ દેશોમાં તેમની દવાઓની નિકાસ કરે છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ભારતની ફાર્મા નિકાસ ૨૪.૬ અબજ ડૉલરની છે. આમાં આફ્રિકાની જેનરિક દવાઓ માટેની ૫૦ ટકાથી વધુ માંગ અને **WHO**ની રસીની જરૂરિયાતોના લગભગ ૭૦ ટકાનો સમાવેશ થાય છે. આથી, આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય બનાવટની દવાઓ વિષેની શંકા ભારતીય ફાર્મા સેકટરની હાલની સ્થિતિ અને પ્રતિષ્ઠાને જોખમમાં મૂકી શકે છે. દરમ્યાન ગામ્બિયા અને ઉઝબેકિસ્તાનમાં બાળકોના મૃત્યુનું કારણ ખરેખર ભારતીય બનાવટની કફ સિરપ હતી તે પ્રશ્ને રાજકીય વળાંક લીધો છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સંસદના વિપક્ષી સભ્ય જયરામ રમેશે આ ઘટનાઓ તરફ ધ્યાન દોર્યું છે અને કહ્યું છે કે, મોદી સરકારે ભારતને 'વિશ્વની મહત્ત્વપૂર્ણ ફાર્મસી' ઉદ્યોગ જેવી બડાઈ મારવાનું બંધ કરવું જોઈએ તેના જવાબમાં ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિતપાત્રાએ કોંગ્રેસ પાર્ટી ઉપર મોદીની છબિ ખરાબ કરવાનું ષડ્યંત્ર રચવાનો આરોપ લગાવ્યો છે. આ મૃત્યું પાછળનું સત્ય હજુ સુધી સંપૂર્ણ રીતે બહાર આવ્યું નથી. જો કે, ભારતે એ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે, વૈશ્વિક ફાર્મા બજારોમાં દેશનું સ્થાન અને પ્રતિષ્ઠા જળવાઈ રહે. આફ્રિકાના બજારો સહિત વૈશ્વિક બજારો ભારતની દવા ઉત્પાદન પ્રક્રિયાઓ વિષે વિશ્વાસ ધરાવે છે તેની ખાતરી કરવા માટે, ઉત્પાદન માર્ગદર્શિકાનું કડક અનુપાલન અને અવલોકન કરવું આવશ્યક છે. વધુમાં ગામ્બિયા અથવા ઉઝબેકિસ્તાનમાં બનેલી શંકાસ્પદ દુર્ઘટનાઓના કિસ્સામાં ભારતીય સત્તાવાળાઓ તેમના આંતરરાષ્ટ્રીય સમકક્ષોને સહકાર આપે તે મહત્ત્વપૂર્ણ છે. આ પગલાંઓ એ સુનિશ્ચિત કરશે કે વૈશ્વિક ફાર્મા માર્કેટમાં ભારતની પ્રતિષ્ઠા જાળવી રાખવી અને ટકાવી રાખવામાં આવી શકે છે.

### એવી કઈ સ્થિતિ તેમને જીવ ટૂંકાવવા મજબૂર કરે છે ?

# ઉજ્જવળ ભવિષ્યના સપના લઈને કોટા આવે છે હજારો વિદ્યાર્થીઓ

## એન્જિનિયરીંગ અથવા મેડિકલમાં અભ્યાસ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ કોટા આવીને પ્રવેશ પરીક્ષાની તૈયારી કરતા હોય છે

કોટા, તા.૩૧

આ શહેરનું નામ કાને પડે એટલે સૌથી પહેલા દિમાગમાં આવે, **NEET, JEE, IIT, MBBS,** પ્રવેશ પરીક્ષા જેવા શબ્દો. કોટા એક એવું શહેર છે જયાં લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ પોતાના ઉજજવળ અને સફળ ભવિષ્યના સપના જુએ છે. પરંતુ દુર્ભાગ્યવશ, તમામ સપનાઓ સાકાર ક્યાં થતા હોય છે? તાજેતરમાં જ કોટા શહેરમાં ૩ વિદ્યાર્થીઓએ દમ તોડ્યો. આ વિદ્યાર્થીઓ પણ હોશિયાર હતા, ધ્યાનથી ભણતા હતા અને તેમનામાં ધગશ પણ હતી. પરંતુ તેમ છતાં આ ત્રણ વિદ્યાર્થીઓએ કેમ આટલુ મોટું પગલું ભર્યું તેની પાછળનું કારણ કદાચ હવે કોઈ નહીં જાણી શકે. કોઈ પણ પ્રકારની સ્યુસાઈડ નોટ કે મેસેજ મૂક્યા વગર તે બસ દુનિયા છોડીને જતા રહ્યા. બિહારના ગયાનો ૧૮ વર્ષીય ઉજજવલ કુમાર, બિહારના સુપૌલ જિલ્લામાં આવેલા ત્રિવેણીગંજ નામના શહેરથી આવેલો ૧૬ વર્ષીય અંકુશ આનંદ તેમજ મધ્યપ્રદેશના શિવપુરીથી આવેલો ૧૭ વર્ષીય પ્રણવ વર્મા, ૧૧ અને ૧૨ ડિસેમ્બરના રોજ ૨૪ કલાકના સમયગાળામાં આ ત્રણ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી. રાજસ્થાનમાં આવેલા કોટા શહેરની ખાનગી હોસ્ટલના રૂમમાં તેમણે આ પગલું ભર્યુંર હતું. આટલુ જ નહીં, આ વર્ષે કોટામાં સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષાની તૈયારી કરનારા લગભગ ૧૪ વિદ્યાર્થીઓએ જીવન ટૂંકાવ્યું છે. દર વર્ષે લગભગ ૧.૭૫ લાખ વિદ્યાર્થીઓ દેશના અલગ અલગ ભાગમાંથી અને ખાસ કરીને ઉત્તર ભારતથી કોટા આવે છે. આ વિદ્યાર્થીઓ મોટાભાગે મધ્યમવર્ગીય પરિવારના હોય છે. દેશની મોટી ટેક્નિકલ અને મેડિકલ કોલેજોની મર્યાદિત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા માટે આ વિદ્યાર્થીઓ દિવસ-રાત એક કરીને મહેનત કરતા હોય છે. કોટાના **SP** કેસરસિંહ શેખાવત જણાવે છે કે, આ ત્રણ વિદ્યાર્થીઓએ પરીક્ષાના તણાવને કારણે જીવન ટૂંકાવ્યું છે. પરંતુ કોટાના જિલ્લા મેજીસ્ટ્રેટ ઓપી બુનકર જણાવે છે કે, વિદ્યાર્થી આત્મહત્યા કરે છે તેની પાછળ અનેક કારણો જવાબદાર હોઈ શકે છે. તાણ, પ્રેમ પ્રકરણ વગેરે. પરંતુ આ ત્રણ વિદ્યાર્થીઓના માતા-પિતાના જણાવ્યા અનુસાર તેમના બાળકોએ ક્યારેય વાતચીતમાં ચિંતા કે ડર વ્યક્ત નથી કર્યા. તેમના પર પરિવાર તરફથી પણ કોઈ દબાણ નહોતું અને નાણાંકીય રીતે પણ કોઈ દબાણ નહોતું. આત્મહત્યા કરનારા ત્રણ વિદ્યાર્થીઓના પરિવારના લોકો ખાનગી હોસ્ટેલોને જવાબદાર ઠેરવી રહ્યા છે. તેમનો દાવો છે કે આ હોસ્ટેલોમાં કંઈક તો ગરબડ ચાલી રહી છે અને **CBI** દ્વારા તેની તપાસ થવી જોઈએ. પ્રણવના પિતા બ્રિજેશ વર્મા જે વ્યવસાયે વકીલ છે તે જણાવે છે કે, હોસ્ટેલ અને તેના વાતાવરણમાં કંઈક ગરબડ હોય તેમ લાગી રહ્યું છે. જ્યાં સુધી મારો દીકરો ત્યાં રહેવા ગયો ત્યાં સુધી કોઈ સમસ્યા જ નહોતી. હવે ત્યાં કોઈ વાત કરવા પણ તૈયાર નથી. મને લાગે છે કંઈક તો ખોટુ થયુ હતું. એવુ લાગી રહ્યું છે જાણે તમામ લોકો મળીને કંઈક છુપાવી રહ્યા છે. એક સ્થાનિક શાળાના આચાર્ય અશોક તે ઘટનાને યાદ કરે છે જ્યારે કોટાની હોસ્ટેલમાં માધેપુરાની એક ૧૭ વર્ષીય વિદ્યાર્થિનીએ છઠ્ઠા માળેથી પડીને આત્મહત્યા કરી હતી. તે જણાવે છે કે, કોટા આવતા મોટાભાગના વિદ્યાર્થીઓ બિહારના હોય છે. મોટાભાગના શિક્ષકો પણ બિહારના હોય છે. આપણે વિચાર કરવાની જરૂર છે કે તેમને ત્યાં જવાની જરૂર કેમ ઉભી થાય છે? વિદ્યાર્થીઓને બિહારમાં જ કોચિંગ કેમ ના મળી શકે? મૃતક વિદ્યાર્થીઓમાંથી એક અંકુશના કાકા ઈન્દ્રભૂષણ પ્રસાદ જણાવે છે કે, મેં આવતા વર્ષે મારી દીકરીને કોટા મોકલવાની તૈયારી કરી લીધી હતી. પણ હવે હું આ હિંમત ના કરી શકું. મારા અન્ય મિત્રો પણ પોતાના બાળકોને કોટા મોકલવા બાબતે ખચકાય છે. શાળામાં પ્રણવ ટોપર હતો. તે **NEET**ની તૈયારી કરી રહ્યો હતો અને તેમાં પણ તેનું પરિણામ સતત સારૂ આવતુ હતું. હસમુખ અને બિન્દાસ્ત સ્વભાવનોર પ્રણવ તમામ વાતો પિતા સાથે શેર કરતો હતો. તે સોશિયલ મીડિયાથી દૂર રહેતો હતો અને સ્માર્ટફોન પણ નહોતો વાપરતો. પરંતુ પ્રશ્ન એ છે કે, જે વિદ્યાર્થીમાં અભ્યાસ બાબતે આટલી ધગશ હોય, આટલો મહેનતુ હોય તેની એવી તો શું સ્થિતિ હશે કે ઉંદર મારવાની દવા લાવીને તેણે જીવન ટૂંકાવી દીધું? પ્રણવના પિતા બ્રિજેશનું કહેવું છે કે, કોટાની હોસ્ટેલોના વાતાવરણમાં કંઈક ગરબડ છે. મારો દીકરો કોઈ પણ પ્રકારે ડિપ્રેશનનો શિકાર નહોતો. મને આત્મહત્યાના સમાચાર મળ્યા તેના ચાર કલાક પહેલા જ અમારી અડધો કલાક સુધી વાતચીત થઈ હતી. પ્રણવ પાછલા બે વર્ષથી કોટામાં હતો. તે મેડિકલ પ્રવેશ પરીક્ષા પાસ કરવાનો પ્રયત્ન કરતો હતો. બ્રિજેશ જણાવે છે કે, રવિવારે સવારે અમારી વાતી થઈ હતી. ત્યારપછી લગભગ ૯ વાગ્યાની આસપાસ તેણે પોતાની માતા સાથે વાત કરી હતી. દિવાળીમાં તે ઘરે આવ્યો હતો. તેણે કોટાથી પહેલીવાર આ રીતે એકલા મુસાફરી કરી હતી. તેણે ફોન પર જણાવ્યુ હતું કે તે ક્રિસમસ દરમ્યાન ઘરે આવશે. લગભગ અઢી વાગ્યે મને હોસ્પિટલથી ફોન આવ્યો કે તેને દાખલ કરવામાં આવ્યો છે. બ્રિજેશ જણાવે છે કે, મારા દીકરા ઉપર કોઈ પણ પ્રકારનું દબાણ નહોતું. દર મહિને તે પરીક્ષામાં ટોપ કરતો હતો. જો કોઈ વિદ્યાર્થીના સારા માર્ક્સ ના આવે તો તે પ્રેશરમાં હોઈ શકે છે, પણ પ્રણવના કેસમાં આ સ્થિતિ ન હતી.

# ● વૈશ્વિક વાતાવરણ વિનાશક છે... ●

૨૦૨૨નું વર્ષ પૂર્ણ થવામાં છે ત્યારે વિશ્વનું વાતાવરણ, ઉજવણાંનું ઓછું અને ઊઠમણાંનું વિશેષ જણાય છે. નાતાલનો પણ તાલ રહ્યો નથી. અમેરિકાએ તો બરફમાં દટાઈને ક્રિસમસ ઊજવી છે ત્યાં બોમ્બ સાઈકલોને ૪૮ રાજ્યોમાં બરફની સફેદ સફેદ ચાદરો ફેલાવીને ૬૫ જીવોને ઠંડી કબરોમાં દફનાવી દીધા છે. સૌથી વધુ મોત બફેલોના ન્યૂયોર્ક સિટીમાં થયાં છે. આઠ ફૂટથી વધુ બરફ જામી ગયો છે ને લાખો લોકો વીજળી-પાણી વગર ઝઝૂમી રહ્યાં છે. પાણી જામી જવાને લીધે, ઠંડી અને પાણીને અભાવે ૩૪ લોકો મૃત્યુ પામ્યાં છે. ૨૫ કરોડથી વધુ લોકો આ તોફાનથી અસરગ્રસ્ત છે. આ તોફાનને આર્કટિક બ્લાસ્ટ પણ કહે છે. એને કારણે પારો-૫૭ ડિગ્રીએ પહોંચ્યો છે. આર્કટિક ઉપરથી બરફનાં કણો સાથે પવન ફૂંકાય છે ને તે બોમ્બની જેમ વરસે છે. ૨૬ ડિસેમ્બરે ત્રણ ભારતીયો જામી ગયેલાં વુડ કેનન લેક પર ફરતાં હતાં ને એકાએક બરફની પરત તૂટતાં લેકમાં ગરકાવ થઈ ગયાં ને મૃત્યુ પામ્યાં. અમેરિકામાં જનજીવન ઠપ થઈ ગયું છે ને ત્યાં ઈમરજન્સી ડિકલેર થઈ છે. ત્રણ હજારથી વધુ ફલાઈટ્સ કેન્સલ થઈ છે ને સ્થિતિ અત્યારે વિશ્વ આખાથી કપાઈ ગયા જેવી છે. એ જ રીતે જાપાનમાં આઠેક દિવસથી થઈ રહેલી હિમવર્ષાને કારણે ૧૭ જીવોને બરફની કબરો નસીબ થઈ છે. જાપાનના ૨૦ હજારથી વધુ ઘરોમાં અંધારપટ છે ને બીજી પણ ઘણી મુશ્કેલીઓનો સામનો તે કરી રહ્યું છે.

એ પણ છે કે ચીન, જાપાન, ભારત, અમેરિકા ઉપર ફરી એક વાર કોરોનાનો પંજો રાક્ષસી રીતે ફેલાઈ રહ્યો છે. ચીનમાં તો રોજના કરોડો લોકો કોરોનાની પકડમાં બહુ ખરાબ રીતે જકડાઈ રહ્યાં છે. ચિત્ર એવું ભયાનક છે કે ચીનમાં શબોના નિકાલ માટે વીસેક દિવસનું વેઈટિંગ ચાલે છે. એ પણ સૂચક છે કે કોરોના પિક ઉપર છે ત્યારે તે ૩ વર્ષે દેશની સરહદો ખોલી રહ્યું છે ને બીજી તરફ ચીનથી આવતાં લોકો ઉપર ૫ દેશોએ પ્રતિબંધ મૂક્યો છે. ચીનથી જરાય ઓછું જોખમ ભારતમાં કોરોનાનું નથી, છતાં અહીં બધા દેશોમાંથી હવાઈ ઊડ્ડયનો ચાલુ જ છે. ચીનથી ભારતમાં અનેક પ્રવાસીઓ આવી રહ્યા છે ને એમાંના કેટલાક તો કોરોના પોઝિટિવ પણ છે, કેરળમાં જ ચીનથી પોઝિટિવ કેસો આયાત થયા છે ને ત્યાં કેસમાં રાતોરાત ૩૮ ટકાનો વધારો જોવાયો છે, પણ સરકાર અત્યારે તો દેશ આખામાં જરૂરી ટેસ્ટ કરાવીને જ ફરજ બજાવ્યાનો સંતોષ લઈ રહી છે.

કોરોનાને રોકવાના પ્રયત્ન કરતાં કોરોનાને સત્કારવાની તૈયારીઓ ભારતમાં વિશેષ જણાઈ રહી છે. અહીં બે પ્રકારની પરિસ્થિતિ કોરોના સંદર્ભે જોવા મળે છે. એક વર્ગ એવો છે જે કોરોનાને મામલે જરા પણ ફિકર કર્યા વગર બિન્ધાસ્ત ગમે ત્યાં રખડે છે. તેને રોકવાની જરૂર કોઈને જણાતી નથી. એક તરફ સ્કૂલોમાં માસ્ક પહેરવાનું ફરજિયાત કરાયું છે, પણ ઉચ્ચ અધિકારીઓને એવી કશી ફરજ અત્યાર સુધી પડી નથી તેનું આશ્ચર્ય જ છે. કોઈ શતાબ્દી મહોત્સવ કે કાંકરિયા ફેસ્ટિવલ કે લગ્નના વરઘોડા કે ધાર્મિક વિધિવિધાનો ભલે હોય, પેલા બિન્ધાસ્ત વર્ગને ગમે ત્યાં હાજર થઈ જવાની કોઈ છોછ નથી. બીજો વર્ગ એવો છે જે કોઈ પણ સરકારી કે ખાનગી જાહેરાતો વગર પણ, સતત દહેશતમાં જ જીવે છે. ખાંસીનો એકાદ ઠસકો આવે તોય કોરોના પોઝિટિવ હોવાની તેને ફાળ પડતી રહે છે. સરકાર અત્યારે તો હોસ્પિટલોમાં પૂરતી વ્યવસ્થા છે કે કેમ તેની તકેદારીમાં પડી છે તો ખૂટતી રસીઓ લેવા લોકો પણ ઉતાવળ કરી રહ્યા છે. આમ કોરોના ચીનથી વિશ્વમાં ફેલાયો એપછી કોરોના વાયરસ ન રહેતાં તે વૈશ્વિક ષડયંત્ર થઈને રહી ગયો છે. જેટલાં મોઢાં એટલી વાતો ચાલે છે. સાચુંખોટું પરખાતું નથી. ચીનમાં ભયંકર સ્થિતિ છે એવું કહેવાય છે, તો ત્યાં રહેનારાઓ જ એવું કંઈ નથી એવું પણ કહે છે. રશિયન ચેનલો ચીનની વિરૂધ્ધ પડી હોય તેમ તેનું ભયંકર ચિત્ર વિશ્વ સમક્ષ મૂકી રહી છે. આ પાછું નિર્દોષ ભાવે થતું નથી. દુખદ વાત જ એ છે કે કોઈ નિર્દોષ જણાતું નથી. વિશ્વ આરોગ્ય સંસ્થા **(WHO)**થી માંડીને ઘણા દેશોએ એમાં રાજનીતિઓ કરી છે ને કોરોના અટકે તે કરતાં તે ચાલુ રહે એમાં જ 'વૈશ્વિક કલ્યાણ' જોવાઈ રહ્યું છે. ચીને મહાસત્તા બનવાની લહાયમાં વૈશ્વિક અર્થકારણ તોડવાની કોશિશ, કોરોના ફેલાવીને કરી એથી અમેરિકા ઉશ્કેરાયું ને ચીન તથા અમેરિકાનો શત્રુવટ સપાટી ઉપર આવ્યો. વિશ્વમાં રસીઓની શોધ ચાલી તે સાથે વાયરસ અટકાવવાને બદલે નવા વાયરસની શોધ પણ ચાલી. આમ તો રશિયા અને ચીન મિત્ર રાષ્ટ્રો છે, પણ રશિયા અત્યારે ચીનની વિરૂધ્ધમાં પડ્યું છે ને તેણે તેની વિરૂધ્ધ અપપ્રચારમાં પધ્ ઝુકાવ્યું છે. એમ પણ મનાય છે કે જ્યોર્જિયાની એક લેબોરેટરીમાં કોરોના તૈયાર કરીને ચીનમાં જાસૂસો દ્વારા મોકલવામાં આવ્યો છે. આ વાયરસ વોર છે અને અમેરિકાએ દ્વારા ચીનને પછાડવા માંગે છે. ચીનમાં જે સ્થિતિ છે તે અમેરિકાને આભારી હોવાનું પણ કહેવાય છે. કોરોનાની કરમકહાણી એ છે કે તે તેની હયાતીમાં જ મિથ હોવાનું ગૌરવ પણ ભોગવે છે. ચીન શાંતિની વાત કરવા ઈચ્છે છે અને અંદરખાને શસ્ત્રો સજાવીને ભારતને ભીંસમાં લેવાની પેરવીમાં પણ છે જ ! નેપાળમાં શાસન બદલાયું છે તે ઉપરાંત ત્યાંથી તે ઉત્તરાખંડ સુધી ભૂકંપના ત્રણેક આંચકાઓ આવી ચૂક્યા છે, ભૂકંપથી ગયા નવેમ્બરમાં જ ઈન્ડોનેશિયામાં ત્રણસોથી વધુ માણસોનાં મોત થયાં તો અફઘાનિસ્તાનમાં પણ ભૂકંપથી હજારથી વધુ માણસોનાં મોત થયાં. એ સાથે જ અફઘાનિસ્તાનમાં પૂરથી પણ ૧૮૨ લોકોનાં મોત થયાં ને એ જ પૂરે ભારત, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ, નાઈજિરિયા, પાકિસ્તાનમાંય સેંકડો માણસોનાં જીવ લીધાં છે, તો પાકિસ્તાન પોતે આતંકી હુમલાનો ભોગ પણ બન્યું છે. તેણે તો શરૂથી સાપને ઝેર પાવા જેવું જ કર્યું છે. ફરજિયાત હિજાબને મામલે ઈરાનમાં મહિલાઓએ જાહેરમાં વાળ કાપીને ભારે વિરોધ કર્યો, આ ઉપરાંત તાલિબાને તમામ સરકારી ને બિનસરકારી સંગઠનોને મહિલાઓને કામ ઉપર આવતાં રોકવાની તાકીદ કરી છે. અફઘાનિસ્તાનમાં મહિલાઓ અને શાસકો વચ્ચે સંઘર્ષ ચાલે છે. પેરિસમાં વંશીય સમુદાયને નિશાન બનાવીને ગયે અઠવાડિયે જીવલેણ હુમલો થયો તેના વિરોધમાં સેંકડો સીરિયન કુર્દો સડક ઉપર ઊતરી આવ્યા છે. શ્રીલંકામાં લોક વિરોધે એવી કટોકટી સર્જી કે ત્યાંના રાષ્ટ્રપતિએ ભાગવું પડ્યું. ઉત્તર ભારતમાં હિમવર્ષાને પગલે ગુજરાત ઠંડીમાં ઠૂંઠવાયું છે. મોરબીમાં ખુલ્લો મુકાતાં જ પુલ તૂટે ને ૧૩૫ લોકોના જીવ જાય ને એ વળી થોડા સમયમાં જ સહજ થઈ જાય એવું અમેરિકામાં પણ છે, ત્યાં ફરક એટલો છે કે પુલ ૫૦ વર્ષે તૂટે છે. એટલે બાંધકામમાં ગરબડ ભારતમાં જ છે એવું નથી, પેન્સિલવેનિયાના પિટ્સબર્ગમાંય છે. ટૂંકમાં, વિશ્વ ઉપર નજર નાખીએ છીએ તો વાતાવરણ ઠારનારૂ અને ડારનારૂ જ જણાય છે.

એમ પણ લાગે છે કે આખું વિશ્વ કોઈક રીતે મારીને મરવાની ઉતાવળમાં છે. અમેરિકા, ચીન અને રશિયા એકબીજાની સ્પર્ધામાં કોઈને પણ હાનિ પહોંચાડવામાં પૂરતાં બેશરમ રાષ્ટ્રો છે. આ રાષ્ટ્રો યુદ્ધથી, વાયરસથી, કુદરતી તોફાનથી પ્રભાવિત છે, પણ શાંતિ કોઈને ખપતી નથી. કોઈ જપતું નથી. માનવ કલ્યાણની વાતો બધાં જ કરે છે, પણ સર્વનાશ વગર કલ્યાણ શક્ય નથી એવી ગ્રંથિથી પીડાતા હોવાનું પણ લાગે છે. આટલાં ધરતીકંપ, દાવાનળ, પૂરપ્રકોપ, બરફનાં તોફાનથી થતાં નુકસાન વિશ્વને ઓછાં પડે છે એટલે તે યુદ્ધ, વાયરસથી વધુને વધુ નુકસાન પહોંચાડવા મથે છે. જે પ્રચંડ તોફાન અમેરિકા અત્યારે વેઠી રહ્યું છે એમાં બધાં હથિયારો એમનાં એમ પડી રહે ને કુદરત એનું કામ કરીને ચાલતી થાય એમ પણ બને. કુદરતના આટલા પ્રકોપ પછી પણ માનવ જાત એ સમજતી નથી કે એ જેટલાં શસ્ત્રોથી દુનિયા ખતમ કરી શકાય એનાં કરતાં પણ વધુ ઝડપે ને ઘાતકી રીતે કુદરત વિનાશ વેરી શકે એમ છે. બધાં અણુબોમ્બ એમના એમ રહી જાય અને એ નાખવાની પણ તક ન રહે એટલી ઝડપે બરફનો બોમ્બ અમેરિકા ઉપર પડ્યો છે, પણ અમેરિકાની અને અન્ય દેશોની આંખો નથી ઊઘડતી ને આ મહાસત્તાઓ એકબીજાને કાબૂ કરવાની હિંસક અને નિર્લજજ કોશિશો કરતી રહે છે. લાખો લોકો માનવ સર્જિત વાયરસનો ભોગ બન્યા પછી પણ, રશિયા-યુક્રેનને લડ્યા વગર નથી જ ચાલ્યું એ પણ વિધિની વક્રતા જ છેને! ચીનમાં વાયરસને કારણે લાખો લોકો તેમના કોઈ વાંક ગુના વગર મરવાં પડ્યાં છે, પણ જીવ લઈને જીવ ટકાવવાની રમતો બંધ થતી નથી. સત્તાની લાલચ સામે કોઈ શિક્ષણ, કોઈ નીતિ, કોઈ સંસ્કૃતિ કામ લાગતી નથી એ હકીકત છે. અમેરિકા ને કેનેડા એમને એમ જ થીજી જાય એમ છે, પણ દુનિયા સાથે તેનો મૈત્રીભાવ પ્રગટ થતો નથી. તેની મૈત્રી સ્વાર્થ વગરની નથી. જોકે, નિસ્વાર્થ તો હવે રહ્યું છે જ કોણ કે તેની પાસેથી સાધુત્વની અપેક્ષા રાખવાની ? આટલી બધી શાંતિ પરિષદો ભરાય છે, આટલાં બધાં શિખર સંમેલનો થાય છે, પણ કોઈને જ રક્તપાત વગરની શાંતિ ખપતી નથી એ દુઃખદ છે.

સર્વોદય બ્લડ બેંક દવા ફંડ ટ્રસ્ટ જૂનાગઢ

# ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા દરમ્યાન દર વર્ષની જેમ આ વર્ષે પણ સેવા આપશે



જૂનાગઢ તા. ૩૧

સતત ૧૯૭૧થી શરૂ થયેલી તમામ ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં સ્પર્ધકો માટે સેવા આપી રહેલ મહેન્દ્ર મશરૂ તથા સેવાભાવી યુવકોની ટીમો આવતીકાલ રવિવારે યોજાનારી ગિરનાર સ્પર્ધામાં ત્રણ પોઈન્ટ અંબાજી, જૈન દેરાસર તથા માળી પરબ ખાતે સ્પર્ધકોની સેવા માટે ખડે પગે રહેશે. જેમાં અંબાજી ખાતે મહેન્દ્ર મશરૂ, જોગીભાઈ કોટેચા તથા નરેશભાઈ ચુડાસા ટીમ સાથે સેવા આપશે. જૈન દેરાસર અને માળી પરબ ખાતે સેવાભાવી તરવરીયા યુવકો સ્પર્ધકોની સેવામાં રહેશે. દરમ્યાન ત્રણેય ટીમના યુવકોની ટીમ મહેન્દ્ર મશરૂની આગેવાની હેઠળ આજ શનિવારના રોજ દર વર્ષની જેમ રાત્રે ૨.૦૦ વાગ્યે ગિરનારની સીડી ચઢવાનું શરૂ કરશે અને સીડી ચઢીને રાત્રીના જ ત્રણેય પોઈન્ટ ઉપર ચીજવસ્તુ સાથે ગોઠવાઈ જશે. આ ટીમો ગિરનારના પગથીયા ઉપર પડેલ કાંકરીઓ તથા કચરો સાફ કરતા કરતા પગથીયા ચઢશે અને ૫૦૦૦ જેટલા પગથીયાઓ સાફ કરતા કરતા પોતાના પોઈન્ટ ઉપર ગોઠવાઈ જશે. આ ત્રણેય ટીમની સાથે સ્પર્ધકો માટે લીંબુ સરબત, શુધ્ધ પાણી, ગ્લુકોઝ પાવડર, લીંબુ તથા આદુના ટુકડા, પીપરમીંટ, આયોડેકસ, પાટાપીંડી, ટીંચર આયોડીન, પઈન કીલર સ્પ્રે જેવી સારવારની બાહય વસ્તુઓ તથા મજબુત સ્ટ્રેચર સાથેની વસ્તુઓની વ્યવસ્થા રાખવામાં આવશે. સાથે ઓકસીજન સિલીન્ડરની પણ વ્યવસ્થા હશે. દવાની ગોળીઓ આપવામાં આવતી નથી.

જો કોઈ સ્પર્ધક ચઢતા કે ઉતરતા અકસ્માતે ઈજા પામે અથવા તો અસ્વસ્થ જણાય તો તેનો સ્ટ્રેચરમાં સુવડાવીને નજીકમાં ઉભા કરેલા દવાખાનામાં પહોંચાડી દેવામાં આવે છે અથવા સીડી ઉતારીને ભવનાથ ખાતે સર્વોદય બ્લડ બેંકના યુવકો સલામત રીતે પહોંચાડી પણ દે છે. તેથી ત્રણેય પોઈન્ટ ઉપર મજબુત સ્ટ્રેચરની વ્યવસ્થા પણ કરવામાં આવે છે અને સાથે મજબુત શરીરવાળા યુવકોની ટીમ પણ હોય છે.

અત્રે યાદ રહે કે સને ૧૯૭૧માં ફુલછાબ દ્વારા શરૂ કરવામાં આવેલ આ અજોડ અને સાહસિક સ્પર્ધામાં ફુલછાબ દ્વારા ઝડપથી ગિરનાર ચઢવા-ઉતરવા મહેન્દ્ર મશરૂની તેમની યુવાન વયે સેવા લેવા માટે ખાસ પસંદગી કરવામાં આવી હતી અને તેમની અંબાજી ખાતે સેવાઓ લેવામાં આવતી હતી. જે આજપર્યંત મહેન્દ્રભાઈ મશરૂની અંબાજી ખાતેની સેવાઓ તમામ દરેક સ્પર્ધામાં (રાજય અને રાષ્ટ્રીય સ્પર્ધામાં) ચાલી રહી છે. રવિવારે તેઓ લગભગ એકાવનમી વખત અંબાજી ખાતે સ્પર્ધકોની સેવામાં ઉપલબ્ધ રહેશે તે પણ એક રેકોર્ડ હશે. કારણ કે સને ૧૯૭૧થી અત્યાર સુધીમાં તમામ આયોજકો, સ્પર્ધકો, વ્યવસ્થાપકો, સ્વયંમ્‌સેવકો બદલાઈ ગયા પણ મહેન્દ્ર મશરૂ એક યાદગીરી રૂપે અણનમ રહયા છે અને તમામે તમામ સ્પર્ધાના સાક્ષી પણ રહી શકયા છે તે એક વિક્રમ છે.

# વેરાવળ : પરણીતાએ ચાર વર્ષના દાંમ્પત્ય જીવનમાં દુઃખત્રાસ સહન કર્યા બાદ અંતે પતિ તથા સાસરીયા સામે ફરીયાદ નોંધાવી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૩૧

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના વડોદરા ઝાલા ગામની એક દિકરીની માતા (પરણીતા) પ્રત્યે તેના પતિને સાસરીયાઓ તારી ઘરવાળી કરીયાવરમાં કાંઈ લાવી નથી અને તે કાંઈ ઘરકામ પણ કરતી નથી, ભીખારણની દિકરી છે તેવું કહીને ચઢામણી કરતા હતા. જેથી પતિ શારીરીક માનસિક દુઃખ ત્રાસ આપી માર મારતો હોય જેમાં એકાદ માસ પહેલા પરણીતાને પહેરેલ કપડે કાઢી મુકી હતી. આ મામલે પરણીતાએ પતિ, સાસુ, સસરા, જેઠ અને જેઠાણી સામે ફરીયાદ નોંધાવતા મહિલા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ સુત્રાપાડામાં રહેતી પરણીતા તમન્નાબેનના લગ્ન ચાર વર્ષ પહેલા તાલુકાના વડોદરા ઝાલા ગામે રહેતા સરફરાજ સિપાહી નામના યુવક સાથે થયેલ હતા. બંન્નેને દામ્પત્ય જીવનમાં એક દિકરી હોય અને સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. થોડા સમય બાદ સાસરીયાવાળાઓ સરફરાજને કહેતા કે "તારી ઘરવાળી કરીયાવરમા કાંઈ લાવેલ નથી અને તે ભીખારણની દિકરી છે તે કાંઈ ઘરકામ પણ કરતી નથી અને તેણે દિકરીને જન્મ અપેલ છે અને અમારે તો દિકરો જોઈતો હતો જેવી ચઢામણી કરતા હતા. જેથી સરફરાઝ તેની પત્ની તમન્નાબેનને અવાર નવાર શરીરે ઢીક્કાપાટુનો માર મારીને ભુંડી ગાળો આપી શારીરીક માનસીક દુઃખ ત્રાસ આપતો તેમજ ચારીત્ર્ય ઉપર શંકા-કુશંકા કરતો હોવાથી અવાર નવાર માવતરે રિસામણે જતા રહેતા હતા.

જેમાં તમન્નાબેનને દિકરી નાની હોય અને ઘર સંસાર ચલાવવો હોવાથી ઘરમેળે સમાધાન કરીને ફરી સાસરીયામાં રહેવા આવી જતા હતા. તેમ છતાં સરફરાજમાં સતત દુઃખ ત્રાસ આપતો જે મુંગા મોઢે સહન કરતા હતા. ત્યારબાદ બંન્ને રાજકોટ રહેવા ગયેલ જ્યા ઘરે ગેસનો બાટલો પુરો થઈ ગયેલ અને રાશન પણ ન હોય જે બાબતે તમન્નાબેનએ પતિને કહેતા તેઓએ મને કહેલ કે, મારી પાસે બાટલો ભરાવવાના કે રાશનના પૈસા નથી તું તારા બાપના ઘરે જતી રહે અને તારા બાપને કહે તને ગેસનો બાટલો ભરાવી આપે અને ઘરમાં રાશન નખાવી આપે તેમ કહી માર મારીને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકેલ હતી.

ત્યારબાદ થોડા દિવસો પહેલા સમાધાનના પ્રયાસ થયેલ જેમાં કઈ નિરાકરણ આવ્યુ ન હતુ. જેથી પરણીતા તમન્નાબેનએ ઉપરોક્ત વિગતો સાથે તેના પતિ સરફરાજ સિપાહી, સસરા કાલુભાઈ સિપાહી, સાસુ ફરીદાબેન, જેઠ ઈમરાનભાઈ, જેઠાણી નજમાબેન તમામ રહે. વડોદરા ઝાલા વાળા સામે ફરીયાદ નોંધાવતા મહિલા પોલીસે આઈપીસી કલમ ૪૯૮-ક, ૩૨૩, ૫૦૪, ૫૦૬-૨, ૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વેરાવળમાં સરાજાહેર ફાયરીંગની ઘટનામાં ચોંકાવનારો ખુલાસો...

# મૃતક અને તેનો ભાઈ આરોપીને ધંધામાં સેટ ન થવા દેતા હોવાથી કંટાળી જઈ હત્યા કરી હોવાનું સામે આવ્યુ

## આરોપી માલભાડુ કરવા ઉત્તરપ્રદેશ ગયેલ ત્યારે ત્યાંથી રૂ.૫૦ હજારમાં હથીયાર અને પાંચ કાર્ટીસ લઈ આવેલ હોવાનું સામે આવ્યું





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા. ૩૧

વેરાવળમાં સરાજાહેર ફાયરીંગ કરી યુવકની હત્યા કરનાર આરોપી હરીદ્વારથી પકડાયા બાદ ઘટનાને અંજામ આપવા પાછળનો ચોંકાવનારો ઈરાદો પ્રાથમિક પુછપરછમાં સામે આવ્યો છે. જેમાં વર્ષોથી ચાલી આવતા જુના મનદુઃખ ઉપરાંત મૃતક અને તેના ભાઈ આરોપીને ધંધામાં સેટ નથવા દઈ હેરાન પરેશાન કરી રહ્યા હોવાથી તેનાથી કંટાળી જઈ ત્રણ માસ પહેલા ઉત્તરપ્રદેશથી લઈ આવેલ ભારતીય બનાવટની પીસ્ટલથી હત્યા કરી નાંખી હોવાની કબુલાત આરોપીએ પોલીસ સમક્ષ કરી છે. આરોપીને રીમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરવા પોલીસે તજવીજ હાથ ધરી છે.

આ મામલે થયેલા ઘટસ્ફોટ અંગે ડીવાયએસપી વી.એન. ખેંગારએ પત્રકાર પરીષદમાં જણાવેલ કે, ગત તા. ૨૩ ડીસે.ના રોજ સમી સાંજે વેરાવળમાં એસટી રોડ ઉપર ચા ની લારી પાસે મોપેડ સ્કુટર ઉપર બેસેલા રબારી નિતેશ સરમણભાઈ કટારીયા (ઉ.વ.૪૪) ના માથામાં લમણા ઉપર રમેશ ઉર્ફે ગોવાળીયો અરજણ ચાવડાએ સરાજાહેર પીસ્ટલથી ગોળી મારી હત્યા નીપજાવીને નાસી ગયો હતો. આ મામલે મૃતકના ભાઈ નારણ કટારીયાએ ૧૪ વર્ષ જુના મનદુઃખમાં હત્યા કરી હોવાની રમેશ ઉર્ફે ગોવાળીયા સામે ફરીયાદ નોંધાવી હતી. જેના આધારે સીટી પીઆઈ એસ.એમ.ઈશરાણીના નેતૃત્વમાં પોલીસની જુદી જુદી ટીમોએ તપાસ હાથ ધરી હતી. જેમાં હ્યુમન સર્વેલન્સ તથા ટેકનીકલ સર્વેલન્સ થકી આરોપી હરીદ્વારમાં હોવાની માહિતી મળતા સ્થાનીક પોલીસની મદદથી આરોપી રમેશ ઉર્ફે ગોવાળીયો ચાવડાને ઝડપી લઈ ડી-સ્ટાફના પીએસઆઈ સિંધવ, દેવદાનભાઈ સહિતના સ્ટાફએ ગત ગુરૂવારે રાત્રીના વેરાવળ લઈ આવી પુછપરછ હાથ ધરવામાં આવી હતી.

વધુમાં ડીવાયએસપી ખેંગારએ જણાવેલ કે, આરોપી રમેશ ઉર્ફે ગોવાળીયાને મૃતક નિતેશ અને તેના ભાઈ નારણ સાથે વર્ષો અગાઉની માથાકુટનું મનદુઃખ હતુ. બાદમાં સમયાંતરે નિતેશ અને નારણ બંન્ને ભાઈઓ રમેશ ગોવાળીયાને હેરાન પરેશાન કરીને ધંધામાં સેટ થવા દેતા નહતા. જેનાથી કંટાળી જઈ છેલ્લા અઢી માસથી હત્યા કરવાની ફિરાકમાં આરોપી ગોવાળીયો હતો દરમ્યાન ૨૩મી ડીસે.ની સાંજે મોકો મળતા નિતેશની હત્યા નીપજાવી હોવાની પ્રાથમિક પૂછપરછમાં કબુલાત આપી હતી.

હત્યામાં ઉપયોગ કરાયેલ પીસ્ટલ હથીયાર અંગે તપાસનીસ પીઆઈ એસ.એમ.ઈશરાણીએ જણાવેલ કે, આરોપી રમેશ ગોવાળીયો ગત સપ્ટેમ્બર-૨૨ માં પોતાની બોલેરો પીક અપ વાહન લઈને માલનું ભાડું કરવા માટે ઉત્તરપ્રદેશ ગયેલ હતો. ત્યારે ઉત્તરપ્રદેશના ઝાંસી-કાનપુર હાઈવે ઉપર ઈટાવા નજીક એક પંજાબી ઢાબા ઉપર કામ કરતા અજાણ્યા વ્યક્તિ પાસેથી રૂ.૫૦ હજારમાં ભારતીય બનાવટની પિસ્તોલ તથા પાંચ ગોળીઓ ખરીદ કરી સાથે લાવ્યો હતો. આ પાંચ ગોળીઓમાંથી એક સ્થળ ઉપર ટ્રાય કરેલ હતી. જયારે બીજી બે મહીના પહેલા અત્રે ડાભોર- ચમોડા રોડ ઉપર રાત્રીના સમયે ટ્રાય કરવા હવામાં ફાયરીંગ કર્યુ હતુ. ત્રીજી ઘટનાના પાંચ દિવસ પહેલા પોતાના ભાડાના મકાનમાં કબાટમાં એક રાઉન્ડ ફાયર કરી હથિયારની ટ્રાયલ કરી હતી. ચોથી નિતેશની હત્યામાં ઉપયોગ કરેલ અને પાંચમી કાર્ટુસ તપાસમાં તેના ઘરમાંથી પોલીસે કબ્જે કરી છે.

## આરોપી ગોવાળીયાની રડારમાં મૃતક ઉપરાંત વધુ ત્રણ શખ્સો પણ હતા

અત્રે નોંધનીય છે કે, શહેર સાથે જિલ્લાભરમાં ચકચાર જગાવનાર સરાજાહેર ફાયરીંગ કરી જુના મનદુઃખના બદલામાં હત્યા કરાઈ હોવાની સામે આવેલી વિગતોને લઈ અનેકવિધ ચર્ચાઓ લોકોમાં શરૂ થઈ છે. જે મુજબ આરોપી રમેશ ગોવાળીયાના નિશાને મૃતક નિતેશ ઉપરાંત અન્ય ત્રણ વ્યક્તિઓ પણ હતા જેઓની તે હત્યા કરવાની ફિરાકમાં હોવાની ચર્ચાઓ થઈ રહી છે. જો કે, આરોપીની રીમાન્ડ દરમ્યાન જ આ ચર્ચાઓ ખરેખર સાચી છે કે કેમ તે ખબર પડશે.

પુર્વ પાલિકા પ્રમુખે ઉઠાવેલ પ્રશ્ન..

# માણાવદર તાલુકાના ખેડૂતોને વિનામૂલ્યે બેરલ આપવાના બદલે રૂપિયા કેમ લેવાયા?

માણાવદર તા. ૩૧

માણાવદર તાલુકાના ખેડુતોને સરકાર તરફથી મફતમાં બેરલ તથા બે તગારા આપવાના હતા ત્યારે આ તાલુકાના ખેડુતો પાસેથી રૂ.૨૬૦૦ લઈને એક બેરલ તથા બેનાના તગારા અપાય છે તથા ૨૦૦૦ જેવી સબસીડી ખેડુતોના ખાતામાં જમાં થઈ જશે તેવું ડીલર દ્વારા કહેવામાં આવે છે ત્યારે રૂ.૬૦૦ કોના લેવાયા? તેમજ આ લેવા જવામાં ખેડુતને રીક્ષા ભાડાના રૂ.૧૦૦ થી ૨૦૦ ખર્ચ અલગ થાય છે. આમ રૂ.૨૮૦૦માં એક બેરલ તથા બે તગારા પડે છે. ત્યારે તદન વિનામૂલ્યે આપવાની વાતોનું શું? શા માટે રૂપિયા લેવાય છે? જે વસ્તુ મળે છે તે સસ્તી છે ત્યારે રૂ.૨૬૦૦ વસુલ કરી ફરી સબસીડી આપવાની એક મોટી છેતરપીંડી સમાન હોવાનું પુર્વ પાલિકા પ્રમુખ જગમાલભાઈ હુંબલે જણાવ્યું છે. આ ઉપરાંત કેટલા ખેડુતોને સબસીડી જમા થઈ તેની તટસ્થ તપાસ કરવા ખેડુતોમાંથી માંગણી ઉઠવા પામી છે. આ વસ્તુના દરેક વિસ્તારમાં અલગ અલગ ભાવ કેમ છે? સરકાર ભાવ નકકી કરે અને સ્પષ્ટતા કરે કે વિનામૂલ્યે છે કે નથી? જો હોય તો ખેડુતો પાસેથી પૈસા શા માટે લેવાય છે? જો આગામી દિવસોમાં ઉપરોકત બાબતે તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં નહિ આવે તો નામદાર કોર્ટમાં જવાની ફરજ પડશે તેમ જણાવેલ છે.

# દ્વારકા સરકારી હોસ્પીટલમાં ડોકટરની જગ્યા ભરવા ધારાસભ્ય પબુભા માણેકની રજુઆત

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૩૧

પવિત્ર યાત્રાધામ દ્વારકા ખાતે સરકારી હોસ્પીટલ આવેલ છે અને તેમાં સરકારી હોસ્પીટલમાં ૧૦૦ બેડનો દરજજો મળેલ છે અને ઓખા મંડળ તાલુકામાં ૪૨ ગામ આવેલા છે અને તેમાં બે નગરપાલિકા આવેલ હોય અને દ્વારકા પવિત્ર યાત્રાધામ હોય હજારોની સંખ્યામાં યાત્રાળુ આવતા હોય અને હાલ કોવિડ જેવી વિકટ પરિસ્થિતીનો સામનો કરવા તાત્કાલીક ધોરણે ખાલી જગ્યા ભરવા માટે ધારાસભ્ય પબુભા માણેકે રજુઆત કરી છે.

હોસ્પીટલમાં અધિક્ષક વર્ગ-૧ની જગ્યા ૧, ફિઝીશયન-૧, જનરલ સર્જન-૧, સ્ત્રીરોગ નિષ્ણાંત-૧, બાળરોગ નિષ્ણાંત ૧, એનસ્થેટીસ્ટ-૧, તબીબી અધિકારી વર્ગ ૨ - ૩, ડેન્ટીસ્ટ સર્જનની ૧ જગ્યા મળી કુલ ૧૦ જગ્યાઓ ખાલી છે અને જેનો તાત્કાલીક ભરવાની માંગણી ધારાસભ્ય પબુભા માણેકએ કરી છે.

# માતા એક વર્ષથી દીકરીને કરતી હતી ઓનલાઈન

નવી દિલ્હી, તા. ૩૧

ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના જમાનામાં આપણને ઘણી સુવિધાઓ મળી છે, પરંતુ ક્યારેક એવું બને છે કે આપણા અંગત જીવનમાં બિનજરૂરી દખલ કરીને આ સુવિધાઓની કિંમત ચૂકવવી પડે છે. જો કોઈ વ્યક્તિને ઈન્ટરનેટની દુનિયાનો યોગ્ય રીતે ઉપયોગ કેવી રીતે કરવો તે આવડતું ન હોય તો તેને ટેક્નોલોજી દ્વારા એવી હેરાનગતિ સહન કરવી પડે છે કે વ્યક્તિ હતાશ થઈ જાય છે અથવા તેનું જીવન નરક બની જાય છે. આજે અમે તમને સાયબર બુલિંગ નામની આવી જ એક ઘટના વિશે જણાવીશું, જેને જાણીને તમે આશ્ચર્યચકિત થઈ જશો. કિશોરાવસ્થામાં, બાળકો ઘણીવાર સોશિયલ મીડિયાના જોખમોને જાણ્યા વિના તેનો ઉપયોગ કરે છે અને ગુંડાગીરીનો ભોગ બને છે. જો કે, અમેરિકાના મિશિગનમાંથી એક અલગ જ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં રહેતી એક મહિલા છેલ્લા એક વર્ષથી તેની પોતાની પુત્રી અને તેના બોયફ્રેન્ડ સાથે ઓનલાઈન દાદાગીરી કરી રહી હતી. આ પાછળનું કારણ જાણીને તમને આશ્ચર્ય થશે. આ અજીબોગરીબ મામલામાં કેન્ડ્રા ગેઈલ લિકરી નામની ૪૨ વર્ષની મહિલા પોતાની જ પુત્રીને ઓનલાઈન દાદાગીરી કરી રહી હતી. કેન્ડ્રા વ્યવસાયે છોકરીઓના બાસ્કેટબોલ કોચ, છેલ્લા એક વર્ષથી તેની પુત્રીને દિવસમાં ૧૨ ટેક્સ્ટ અને મેસેજ મોકલીને હેરાન કરતી હતી. આ મામલો ડિસેમ્બર ૨૦૨૧માં પોલીસ પાસે આવ્યો હતો અને પુત્રીએ તેને સાયબર ગુંડાગીરી વિશે કહ્યા પછી કેન્ડ્રાએ પોતે જ રિપોર્ટ નોંધાવ્યો હતો. રિપોર્ટ અનુસાર, કોઈ કેન્ડ્રાની દીકરી અને તેના બોયફ્રેન્ડને ઓનલાઈન ધમકાવી રહ્યું



હતું. આ કેસ મહિલા દ્વારા જ દાખલ કરવામાં આવ્યો હોવાથી, કોઈને કોઈ શંકા નહોતી કે તે તેનું કામ હતું. જ્યારે પોલીસે આ બાબતની તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે કેન્ડ્રા પોતે વ્યવસ્થિત રીતે તેની પુત્રીને અનામી ધમકીઓ અને દુઃખદાયક સંદેશાઓ મોકલતી હતી. ઈન્ટરનેટ પર ઘણી સુવિધાઓ મળી છેકિશોરાવસ્થામાં, બાળકો ઘણીવાર સોશિયલ મીડિયાના જોખમોને જાણ્યા વિના તેનો ઉપયોગ કરે છે અને ગુંડાગીરીનો ભોગ બને છે તેણે પોતાની ઓળખ છુપાવી હતી, પરંતુ જ્યારે આઈટી એક્સપર્ટે આ મામલે તપાસ કરી તો તેમને કેન્દ્રનું આઈપી એડ્રેસ મળ્યું અને આખો મામલો સામે આવ્યો. અધિકારીઓને કુલ ૩૪૯ પેજના મેસેજ મળ્યા જે કેન્દ્રએ તેની પુત્રી અને તેના બોયફ્રેન્ડને મોકલ્યા હતા. જ્યારે તેણીની પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણીએ પોતે કબૂલ્યું હતું કે તેણીએ આ બધું એટલા માટે કર્યું કારણ કે તે પોતાની પુત્રીને જરૂરિયાત અનુભવવા માંગતી હતી. હાલમાં મહિલાની ધરપકડ કરવામાં આવી છે અને તેને સજા કરવામાં આવી છે.

# બેંક કરતાં પણ વધુ બચત આપતી યોજના, ગ્રાહકને મળશે આ ૭ ફાયદા



તમારે જો રોકાણ કરવું હોય તો સરકારની ઘણી એવી યોજનાઓ છે જેમાં તમે રોકાણ કરીને વધુ બચત કરી શકો છે. નાની બચત યોજનાઓમાં પબ્લિક પ્રોવિડન્ટ ફંડ એ લોકપ્રિય અને સારૂં વળતર આપતી યોજના છે. આ યોજના PPF તરીકે ઓળખાય છે. આ એક સરકારી યોજના છે અને રોકાણની રકમ સંપૂર્ણપણે સુરક્ષિત રહે છે. હાલમાં સરકાર આ PPF ઉપર વાર્ષિક ૭.૧ ટકાના દરે વ્યાજ આપે છે. જેને પગલે નાના રોકાણ કારોને આ યોજનાથી મોટો લાભ થાય છે.

તમે નજીકની કોઈ પણ પોસ્ટ ઓફિસ સહિત દેશની લગભગ તમામ સરકારી અને ખાનગી બેંકોમાં PPF ખાતું ખોલાવી શકો છો. બાળકના ખાતામાં થતી કમાણી માતા-પિતાની આવક સાથે જોડવામાં આવે છે. આ ઉપરાંત મહત્વની વાત એ છે કે PPF માં રોકાણ પર ચક્રવૃદ્ધિ વ્યાજ ઉપલબ્ધ છે, જેની ગણતરી વાર્ષિક ધોરણે કરવામાં આવે છે. આ યોજનામાં તમે વાર્ષિક ઓછામાં ઓછા ૫૦૦ રૂપિયાના રોકાણથી શરૂ કરી શકો છો અને વધુમાં વધુ ૧.૫ લાખ રૂપિયાની મર્યાદા સુધી કરી શકો છો.

પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) ના આ છે મહત્વના ફાયદા

વાર્ષિક ઓછામાં ઓછા ૫૦૦ અને વધુમાં વધુ ૧.૫ લાખ રૂપિયાની મર્યાદા PPF એકાઉન્ટને ત્રણ વર્ષ સુધી ઓપરેટ કર્યા બાદ તમે તેના પર લોન લઈ શકો છો.

નની સુવિધા ખાતું ખોલવાના ત્રીજા વર્ષથી છઠ્ઠા વર્ષ સુધી ઉપલબ્ધ છે. પ્રથમ લોન બંધ થયા પછી જ બીજી લોન માટે અરજી કરી શકાય છે.

પીએફ ખાતામાં જમાં રકમમાંથી માત્ર ૨૫ ટકા જ લોન તરીકે લઈ શકાય છે. પીપીએફમાં પૈસા જમા કરીને વધુ સારા વળતરની સાથે તમે ટેક્સ છૂટનો લાભ પણ લઈ શકો છો.


આ યોજનામાં નાણાકીય વર્ષના અંતે ખાતામાં જમા રકમના ૫૦ ટકા અથવા ચોથા નાણાકીય વર્ષના અંતે ખાતામાં વર્તમાન રકમના ૫૦ ટકા ચાલુ વર્ષ પહેલા ઉપાડી શકાય છે. પીપીએફ ખાતામાંથી તમે સાત વર્ષ પછી આંશિક ઉપાડ કરી શકો છો. તમે વર્ષમાં માત્ર એક જ વાર પૈસા ઉપાડી શકો છો. ખાતામાંથી ૫૦ ટકા રકમ ઉપાડી શકો છો. ઉપાડેલી રકમ પર ટેક્સ ગણવામાં આવશે. પીપીએફ ખાતામાંથી પૈસા ઉપાડવા માટે બેંક અથવા પોસ્ટ ઓફિસમાં એક સામાન્ય ફોર્મ સી ભરવાનું હોય છે.

પૈસા ઉપાડવા માટે બેંક અથવા પોસ્ટ ઓફિસમાં એક સામાન્ય ફોર્મ સી ભરવું પડશે. બેંક અથવા પોસ્ટ ઓફિસમાં ઉપલબ્ધ હશે. આ ફોર્મમાં તમારે તમારો એકાઉન્ટ નંબર અને જે રકમ ઉપાડવા માંગો છો તે દર્શાવવાની હોય છે અને તેમાં એક રેવન્યુ સ્ટેમ્પ લગાવી સહી કરી જમા કરાવાની રહેશે ત્યારબાદ પાસબુક સાથે જમાં કરાવવાનું રહેશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા પછી રકમ તમારા ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. આ યોજનાનો મોટો લાભ એ છે કે તમને અહીંથી સારું રિટર્ન મળી શકે છે. તમે આ યોજનાનો લાભ લઈ પોતાનું ભવિષ્ય પણ સુરક્ષિત કરી શકો છો.

### વર્ષ ૨૦૨૩ના પ્રથમ દિવસે આકાશમાં સ્ટારલિંક

# આકાશમાં ચળકતી સ્ટારલિંક ટ્રેનની કુતુહુલતા જોવા મળશે

**આવતીકાલે સાંજે આકાશમાં ચળકતી ટ્રેનનો નજારો : સોમવારે સાંજે તેજસ્વીતા ઓછી સાથે જોવા મળશે : તા.૪ બુધવાર મધ્ય રાત્રિ બાદ ચંદ્ર–મંગળ યુતિનો નજારો**



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૩૧

પૃથ્વીવાસીઓને અવારનવાર અવકાશી ખગોળીય ઘટનાઓનો અવસર મળે છે. અવકાશી ઘટના જોવા-માણવા માટે હોય છે. જીંદગીનો અનેરો આનંદ લૂંટવાનો હોયછે. આવી જ ઘટના વર્ષ ૨૦૨૩ના પ્રથમ દિવસ રવિવાર તા.૧ સાંજે પાંચ મિનિટ માટે બનવાની છે તે સ્ટારલિંક નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે. જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું છે કે, જાન્યુઆરી તા.૧લી રવિવાર સાંજે ૬-૫૩ મિનિટેથી ૫ મિનિટ માટે નૈઋત્ય કોણથી પૂર્વ તરફ આકાશમાં ચળકતી ટ્રેન પસાર થવાની છે. સ્વચ્છ આકાશમાં ચળકતી ટ્રેન કુતુહલ સર્જી શકે છે જે રાજકોટ મુજબ ક્ષિતિજથી ૧૦ અંશ પ્રારંભ, ૪૮ અંશ મધ્ય અને ૧૮ અંશની સમાપ્તિએ જોવા મળી શકે છે. આ ટ્રેનનો ચળકાટ ૩.૫ હશે. આ જ ઘટના પૂર્નઃ તા.૨જી સોમવારના રોજ સાંજે ૬-૪૬ મિનિટથી ૫ મિનિટ સુધી નૈઋત્ય કોણથી ઈશાન કોણ તરફ ચળકતી ટ્રેન જતી જોવા મળશે. જે ક્ષિતિજથી ૧૦ અંશ પ્રારંભ, ૬૯ અંશ મધ્ય અને ૧૨ અંશની સમાપ્તિએ જોવા મળશે. આ ચળકતી ટ્રેનનો ચળકાટ ૩.૩ હશે. રવિવાર કરતાં તેજસ્વીતા ઓછી હોવાને કારણે ઝાંખી ટ્રેન આકાશમાં જોવા મળશે. ઉપગ્રહો તરતા મુકવાની ઘટના ખગોળીય નજારો જોવાનું ચુકતા નહિ તેમ જાથા જણાવે છે. વધુમાં જયંત પંડ્યા જણાવે છે કે, જાન્યુઆરી તા.૪ના રોજ રાત્રિના ૧ કલાક ૨૧ મિનિટે ચંદ્ર-મંગળની યુતિનો આલ્હાદક અવકાશી નજારો જોવા મળવાનો છે. જાથા ટેલીસ્કોપથી નજારો જોવા માટે વ્યવસ્થા વિચારી રહ્યું છે.

વધુ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## ૨૦૨૩નું વર્ષ સર્વને માટે સુખદાયી નિવડે

૨૦૨૨નાં વર્ષને ગુડબાય કહેવાનો સમય આવી ગયો છે. આજે રાત્રીનાં ૧૨ વાગ્યે ૨૦૨૩નું નૂતનવર્ષ શરૂ થઈ જશે. આવનારૂ વર્ષ સર્વને માટે સુખદાયી, ફળદાયી અને કલ્યાણકારી નિવડે એવી શુભકામનાં. ૨૦૨૨નાં વર્ષને પૂર્ણ થવા આડે હવે માત્ર ગણતરીનાં કલાકો જ બાકી રહયા છે. સમયની તેજ રફતાર સાથે આપણે પણ સતત દોડતા રહીએ છીએ. વિતેલા વર્ષમાં સારા, નરસા પ્રસંગો તેમજ કયારેક દિલને હચમચાવવાળી હૃદય દ્રાવક ઘટનાઓ પણ બનતી હોય છે. આવી બધી ઘટનાઓનાં કારણે મન આઘાત પામે છે, દિગ્મુઢ બની જાય છે. વિતેલા વર્ષની સુખ-દુઃખની કડવી તેમજ મીઠી યાદો એક સ્વપ્ન માફક પસાર થઈ રહી છે અને ૨૦૨૩નાં વર્ષનાં આગમનની ઘડી ગણાય રહી છે નવું વર્ષ સર્વે રીતે સુખદાયી નિવડે તેવી શુભકામના સાથે આપણું શહેર જૂનાગઢ, ગુજરાત અને ભારત દેશ ઉત્તરોત્તર પ્રગતિ કરે, વણથંભી વિકાસયાત્રા સતત જારી રાખે અને ભારત દેશ શ્રેષ્ઠ દેશ તરીકે ઉભરી આવે તેવી અંતકરણની કામના સાથે આપણું શહેર જૂનાગઢ વિકાસની ટોચ ઉપર પહોંચે અને આન, બાન, શાન અને એકતાની મિશાલ બની રહે તેવી અભ્યર્થનાં.

તંત્રી :- કાર્તિક ઉપાધ્યાય

સહતંત્રી :- અભિજીત ઉપાધ્યાય

### પૌત્રીની ઉંમરની સગીરા ઉપર દુષ્કર્મ ગુજાર્યું

## ૧૬ વર્ષીય સગીરા ઉપર ગામમાં જ રહેતા આધેડે દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદ નોંધાઈ

**પીડિતાના પિતાએ ૫૫ વર્ષીય નરાધમ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી**

જૂનાગઢતા.૩૧


જૂનાગઢના કેશોદ તાલુકાના એક ગામમાં રહેતી ૧૬ વર્ષીય સગીરા ઉપર ગામમાં જ રહેતા એક આધેડે વારંવાર દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદ નોંધાઈ છે. પૌત્રીની ઉંમરની કિશોરી ઉપર દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવતા પીડિતાએ બાળકીને જન્મ આપતા સમગ્ર મામલાનો ભાંડાફોડ થયો હતો. પીડિતાના પિતાએ ૫૫ વર્ષીય નરાધમ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કેશોદ તાલુકાના એક ગામમાં રહેતી સગીરા અને આરોપી એકબીજાને ઓળખતા હોય એકબીજાના ઘરે આવનજાવન રહેતી હતી. જેનો લાભ ઉઠાવી ૫૫ વર્ષીય કરશન ઉર્ફે બાબુ માલમેરે ૧૬ વર્ષીય સગીરા ઉપર અવારનવાર દુષ્કર્મ ગુજારી ધમકીઓ આપી હતી.

નરાધમે વારંવાર દુષ્કર્મ ગુજારતા સગીરા ગર્ભવતી બની હતી. ગઈકાલે સગીરા જ્યારે તેના ઘરે હતી ત્યારે પેટમાં દુઃખાવાની ફરિયાદ કરી હતી. ત્યારબાદ ઘરે જ બાળકીને જન્મ આપતા પરિવારજનોના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. હાલ સગીરાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. પીડિતાએ બાળકીને જન્મ આપતા પરિવારજનોએ સગીરાની પૂછપરછ કરી હતી. ત્યારે સગીરાએ પોતાની આપવીતી જણાવી હતી. બાદમાં આ મામલે પીડિતાના પિતા દ્વારા કેશોદ પોલીસ સ્ટેશનમાં આરોપી સામે દુષ્કર્મ અને પોકસોની ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

## પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી સ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની વિશ્વભરમાં સ્થાપના









(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૩૧

ભારતીય સંસ્કૃતિ, આર્કિટેક્ચર, ફિલોસોફી વગેરેનો અભ્યાસ કરવા માટે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહરાજની પ્રેરણાથી વર્ષ ૧૯૯૧માં ધ અક્ષરધામ સેન્ટર ફોર એપ્લાઈડ રિસર્ચ ઈન સોશ્યલ હારમોની(aarsh)ની સ્થાપના કરવામાં આવી. ત્યાર બાદ વર્ષ ૨૦૦૫માં શ્રી સ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, નવી દિલ્હીની સ્થાપના કરવામાં આવી. શૃંખલમાં પરમ પૂજ્ય મહંતસ્વામીમહારાજની પ્રેરણાથી પરમ પૂજ્ય પ્રમુખસ્વામીમહારાજ શતાબ્દી મહોત્સવનિમિત્તે વિશ્વના વિવિધ મંદિરોમાં સ્વામિનારાયણ શોધ સંસ્થાની સ્થાપના કરવામાં આવી. આનો મુખ્ય ઉદ્દેશ વૈદિક સનાતન ધર્મની રક્ષા માટે, સનાતન ધર્મની પુષ્ટિ માટે, સનાતન ધર્મના પ્રવર્તન માટે કરવામાં આવ્યો છે. આપણા ભારત દેશની ઓળખાણ એ આપણને હોવી જોઈએ, ભારત દેશ એ શિક્ષાનો દેશ છે એટલે આપણી શિક્ષણપ્રથા કેવી હોવી જોઈએ, ભારત દેશમાં આજથી ૧૦,૦૦૦ વર્ષ પહેલા પણ ભણવાની અને ભણાવવાની પ્રથા હતી એ આ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવશે. આ શોધ કેન્દ્ર દ્વારા વૈશ્વિક સંવાદિતાની દિશામાં આગળ વધાશે.

**આ દિશાથી આ ઇન્સ્ટિટ્યૂટમાં કામ થશે**

સમગ્ર વિશ્વમાંથી સર્વે દિશાઓમાંથી સારા વિચારો ઉપર મનન ચિંતન થશે. આના માધ્યમથી નિરામય આધ્યાત્મિક આરોગ્ય, માનસિક આરોગ્ય અને શારીરિક આરોગ્ય એનું મનન અને ચિંતન થશે. પૂજ્ય યોગીજી મહારાજ કહેતા ભગવાન સૌનું ભલું કરો આ દિશામાં આગળ વધાશે. વસુધૈવ કુટુંબકમ એ સનાતન ધર્મનો મૂળ મંત્ર છે, જે મહાઉપનિષદ સહિત અનેક ગ્રંથોમાં લિપિબદ્ધ થયેલો છે, એનો અર્થ સમગ્ર વિશ્વ એક પરિવાર છે આ સૂત્ર ભારતીય સંસદગૃહના પ્રવેશમાં પણ લખેલ છે. એજ ભાવના સાથે ભારતીય ભાઈ - બહેનોને અન્ય ધર્મ સાથે સંવાદિતા કેવી રીતે કરી વૈશ્વિક સમરસતા, વૈશ્વિક સંવાદિતા કેવી રીતે સિદ્ધ કરી શકીએ અને મૈત્રી પૂર્ણ વ્યવહાર લોકો સાથે કરી શકીએ, પરસ્પર વાર્તાલાભ થાય અને બધા ભારતીયો ભેગા મળીને પ્રગતિ કરશે. અહીં સંસ્કૃત, મરાઠી, હિન્દી, ગુજરાતી, કન્નડ, પંજાબી વગેરે ભાષાઓ પણ ભણાવવામાં આવશે અને બધા સાથે મળીને મૂળ ભાષાઓનો, જે તત્વજ્ઞાનનો ઉદભવ ભારતમાં થયો છે એનો પણ અભ્યાસ કરશે, સાથે સાથે ષટ્દર્શન અને વિશ્વના અનેક ધર્મોનો પણ અભ્યાસ આ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ દ્વારા થશે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અમેરિકા રોબિન્સવિલના સ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના વખતે આશીર્વાદ આપેલા કે, યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજના મનમાં હતું બધા વિદ્વાન તૈયાર થાય એ પ્રમાણે એમના સંકલ્પથી બધા તૈયાર થઈ રહ્યા છે. નાના નાના બાળકો પણ સંસ્કૃતમાં બોલે એ એમના મનમાં હતું એ મોટું કાર્ય આ ઈન્સ્ટિટયૂટ દ્વારા થશે. વિશ્વભરમાં શ્રી સ્વામિનારાયણ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કેનેડા દેશના ટોરોન્ટો, યુ.કે અને યુરોપમાં નીસડન મંદીરમાં, અમેરિકાના રોબિન્સવિલ ખાતે, આફ્રિકાના દાર-એ-સલામ ખાતે અને ઓસ્ટ્રેલિયામાં સિડની, મેલબોર્ન, કેનબેરા, એડિલેડ, પર્થ વગેરે સ્થળોએ કરવામાં આવી છે.

## માંગરોળ : કુકસવાડા પાસે કાર અને બોલેરો વચ્ચે અકસ્માત : ત્રણ ઈજાગ્રસ્ત

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩૧

માંગરોળ નજીકના કુકસાવાડા ગામ પાસે ગઈકાલે સમી સાંજે કાર અને બોલેરો વચ્ચે અકસ્માત સર્જાતા એઆઈએમઆઈએમના જીલ્લા પ્રમુખ તથા તાલુકા પ્રમુખ સહિત ત્રણ ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. ઓવૈશીની એઆઈએમઆઈએમ પાર્ટીના જીલ્લા પ્રમુખ તથા હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં માંગરોળ બેઠકના ઉમેદવાર સુલેમાનભાઈ પટેલ, તાલુકા પ્રમુખ ઈશાકભાઈ ખેભર સહિત ત્રણ લોકો કાર મારફત ગુરૂવારે સાંજે ગડુથી માંગરોળ તરફ આવી રહ્યા હતા. ત્યારે સાંજના સાતેક વાગ્યે સામેથી આવી રહેલા બોલેરો સાથે અકસ્માત થતાં ચાલક સહિત ત્રણ ઈજાગ્રસ્ત થયા હતા. ૧૦૮ મારફતે તમામને હોસ્પિટલમાં ખસેડાતા પ્રાથમિક સારવાર બાદ જૂનાગઢ રીફર કરાયા હતા. સુલેમાનભાઈ પટેલને જમણા પગમાં ફ્રેકચર, ઈશાકભાઈને પાંસળા, પગ અને કાનના ભાગે નાની મોટી ઈજાઓ તથા ડ્રાઈવરને પણ ઈજાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

## ડો. સુભાષ મહિલા કોલેજની વિદ્યાર્થીની નિબંધ સ્પર્ધામાં ઝળકી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૩૧

ડો. સુભાષ મહિલા આર્ટસ કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજ જૂનાગઢમાં એમ. કોમ. અનુસ્નાતક કેન્દ્રમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની તુર્ક તંઝીલા ઈમ્તિયાઝખાને સૌરાષ્ટ્ર ઝોન પ્રદેશ યુવા ઉત્સવમાં ભાગ લીધેલ હતો. રાજકોટ ખાતે ‘ભારત દેશની અખંડિતતામાં યુવાનોનો ફાળો’ આ વિષય ઉપર ચિંતનાત્મક નિબંધ લખવામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જેમાં તેમનો દ્વિતીય નંબર આવતા તેઓએ અમરેલી ખાતે યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ‘સોશ્યલ મીડિયાનો વિવેક પૂર્ણ ઉપયોગ આવશ્યક’ વિષય ઉપર ભાગ લઈ ‘રાજ્યકક્ષાની’ સ્પર્ધામાં તૃતીસ્થાન મેળવ્યું હતું. સૌરાષ્ટ્ર ઝોન પ્રદેશ -યુવા ઉત્સવ-૨૦૨૨- તથા રાજયકક્ષાના યુવા ઉત્સવ બંનેમાં રાજકોટ અને અમરેલી ખાતે ભાગ લઈ પોતાનું નામ રાજ્ય સ્તરીય સ્પર્ધામાં નોંધાવ્યું છે. એ બદલ કોલેજના એમ.કોમ.ઈન્ચાર્જ ડો. કોકિલાબેન પરમાર તથા પ્રિન્સિપાલ ડો. બલરામ ચાવડાએ અભિનંદન પાઠવ્યા છે.

## માતૃશ્રી હીરાબાને શ્રધ્ધાંજલી અર્પણ કરતા પૂ. જેન્તીરામ બાપા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૩૧

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં પૂજય માતુશ્રી હીરાબાને ધુનડા સતપુરણધામ આશ્રમનાં સંત પૂ. જેન્તીરામ બાપાએ શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. પૂ. જેન્તીરામ બાપાએ જણાવ્યું હતું કે પૂ. હીરાબાનાં નિધનનાં સમાચાર મળતા ખુબ દુઃખ થયું. સમગ્ર દેશ વિદેશમાં તેમનાં નિધનથી શોકનું મોજુ ફરી વળ્યું છે. પૂ. હીરાબાનાં જીવન દ્વારા વડાપ્રધાનના જીવનનું જે ઘડતર થયું છે તે નરેન્દ્રભાઈ જેવા સપુતને રાષ્ટ્ર અને દુનિયાની સેવા કરવા સમર્પિત કરનાર માતાની વિદાયથી ભલભલાને પીડા થાય. પૂ. હીરાબાનાં સદગુણો હંમેશા દેશવાસીઓને પ્રેરણા આપશે. હૃદયભીના ભાવ સાથે તેમને શ્રધ્ધાંજલી આપું છું. નરેન્દ્રભાઈ અને પુરા પરીવારને દિલાસો પાઠવું છું. અને પરીવાર ઉપર આવી પડેલ દુઃખની આ ઘડી સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત આપે એવી ગુરૂ મહારાજને પ્રાર્થના કરૂ છું.

## સોમનાથથી વેકેશન પ્રવાસનાં યાત્રાળુઓ સાસણ-દિવ ભણી

(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસપાટણ તા. ૩૧

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ તીર્થમાં નાતાલનાં વેકેશન તા.૨૪ ડીસેમ્બરથી ૩૧ ડીસેમ્બર સુધી યાત્રાળુઓનો ભારે ઘસારો રહયો છે જે હવે અંતિમ સમાપન ચરણમાં છે. મોટાભાગનાં પ્રવાસીઓ સોમનાથ દર્શન, સમુદ્ર મોજ અને પ્રભાસ દર્શન, જોવા લાયક સ્થળો જોઈ ટ્રાવેલ્સ, ખાનગી વાહનો, એસટી અને ટ્રેન દ્વારા સાસણ અને દિવ જવા રવાના થઈ રહયા છે. જયાં ૩૧ ફર્સ્ટને વિદાય આપી પોતાના રોજીંદા વ્યવહારમાં પરોવાઈ જશે.

## વડાલ નજીક અકસ્માતમાં ઈજા

જૂનાગઢ તા. ૩૧ : વડાલ ગામે રોડ ઉપર ફરીયાદી સલીમભાઈ ઠેબા અને સાહેદ નદીમભાઈ પોતાની બંધ રીક્ષામાં બેઠેલ હોય તે દરમ્યાન રાજકોટ તરફથી આવતી બોલેરો નં. જીજે-૧૨-બીઝેડ ૦૦૫૮ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતાં રીક્ષામાં બેસેલ ફરીયાદી તથા સાહેદને ઈજા કર્યાની ફરીયાદ તાલુકા પોલીસમાં નોંધાઈ છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.પી. સોઢાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં
મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
ડો. એમ.ડી. વ્યાસ



(એમ.ડી. (પેડ)
બાળ આરોગ્ય નિષ્ણાંત
ભૂતપૂર્વ બાળરોગ નિષ્ણાંત ● સિવિલ હોસ્પીટલ, જૂનાગઢ - લીંબડી ● ઈરવીન હોસ્પીટલ જામનગર
આદિત્ય બાળકોની હોસ્પીટલ
જે.બી. કોમ્પ્લેક્ષ, બીજા માળે,
એસ.ટી. બસ સ્ટેશન સામે, જૂનાગઢ
મો. ૯૪૨૭૬ ૩૩૦૪૩



વાત્સલ્યમૂર્તિ સતાયુ હીરાબાને શ્રદ્ધાંજલી



ભારતનાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં
માતૃશ્રી હિરાબા અનંત યાત્રાએ..
હીરાબાનાં પવિત્ર આત્માને પરમ કૃપાળુ પરમાત્મા
શાંતિ અર્પે એજ પ્રાર્થના
લી.
બિલખા શહેર ભાજપ પરીવાર
જાહેરાત માટે સંપર્ક :- સૌરાષ્ટ્ર ભૂમિ, બિલખા
મો. ૭૪૦૫૩ ૧૬૨૫૩



ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨